૪૫૬૧

સંપીલું સુખી કુટુંબ.

હાલના જમાનાને અનુસરતી

સંસારી વારતા

બનાવનાર

મેહેરબાનુ ધનજીશાહ ખરાસ

કોપી ૨,૦૦૦

ધી "ગોવર્ધન મુદ્રાલય" માં છાપયું છે.

મુંબઈ

૧૮૯૧.

કીમત છ આના

પોસ્ટેજ અરધો આનો.

આ ચોપડી નિચલે ઠેકાણેથી વેચાતી મળશે.

મનચેરજી જમસેદજી માદન—વાણીયાવાડી ધોબીતલાવ મુંબઇ

શેહેરીઆરજી હોરમસજી બુકસેલર, કાળબાદેવી રોડ મુંબઇ

રૂશતમજી શોરાબજી શુખડવાલા, કરેલવાડી, બનાજીના

અ.[redacted]હેરામની પાશે શુખડની દુકાનુમાં મુંબઇ.

તથા

કર્તાને ત્યાંથી મળશે.

દીબાચો.

"**સંપીલું સુખી કુટુંબ**" એનો આખો વિશય વારતારૂપે સ્ત્રી મિત્રમાં કટકે કટકે છપાઈ બહાર પડયો હતો. મારા પેહેલાજ વિશયને સ્ત્રીમિત્રના માલેક અને અધિપતીના ઉત્તેજન આપવાથીજ હું આ જગતમાં ખુલ્લી રીતે બહાર પડી છું ; અને તેથી તેમનો આ ઠેકાણે આભાર માનવાને હું ભૂલતી નથી.

હું કાંઈ ચોપડીઓ બનાવનારમાં ખપવા માંગતી નથી પણ ફકત મારા જેવી કેટલીક બેનો જે શરમની મારે ભરાતી ફરતી હશે તેઓમાં દાખલો બેસાડવા માટેજ મેં એ કામ હાથ લીધું છે. પારસી બાનુંઓમાં પુસ્તક કરતાં હું કાંઈ પેહેલીજ નથી. મારી પહેલાં ઘણીક વિદવાનોના હાથે ઘણાંક ઉપ્યોગી પુસ્તકો છપાઈ બહાર પડયાં છે અને મારાથી તેમની બરાબરીમાં પણ થઇ શકાશે નહી.

આજ કાલ વારતાની ચોપડી ચોપાનીયાં અને વરતમાન પત્રનો જથ્થો વિધાના વધારાથી દરેક ઠેકાણે એક સરખી રીતે વંચાય છે. એવાં દરેક વાંચનો નવરાસની વેળાએ વાંચવાની હળટથી મને થોડું થોડું લખાણ લખવાની ઉમેદ થઈ ; તે વેળાએ સ્ત્રીમિત્ર ચોપાનીયાંએ જન્મ આપ્યો અને તે વળી સ્ત્રીઓના ફાયદા માટે.

પ્રથમ તો નાનાં નાનાં સુબોધપર લખાણો સ્ત્રીમિત્ર ચોપાનીયામાં મારે હાથથી લખાયલાં બહાર પડયાં, ત્યાર પછી મને એક મોટી સંસારી વારતા આજના ચાલુ જમાનાના રીવાજ પ્રમાંણે લખવાની હોંશથી "**સંપીલું સુખી કુટુંબ**" ની વારતા મેં લખી છે, એને માટે કંઇપણ

લખવા કરતાં મેં આ વારતા સદ્દગુણી સ્ત્રી પુરૂષો આગળ રજુ કરી છે તેથી આશા છે કે મારી નજરદોષથી કાંઈ ભૂલ થઈ હોય તો સમજુ વાંચકો દરગુજર કરશે.

મારા ધારેલાં કામને ઉત્તેજન આપનારાં જે સદ્દગુણી બાનુઓ અને ગ્રહસ્થોએ મને આ પુસ્તકનાં ગ્રહાક થઈ આશરો આપ્યો છે તેમનો આ ઠેકાણે ઉપકાર માનું છું, અને તેમનાં નામ આ પુસ્તકની સાથ અમર રહે એવા હેતુથી પુસ્તકનાં પાછળ તેમનાં મુબારક નામ નોંધ્યાં છે. વલી કેટલાંક બાનુંઓ અને ગ્રહસ્થોનાં નામો મોડે મલવાથી છાપી શકાયાં નથી તે માટે દરગુજર કરશે.

છાપાખાનાના કામ કાજ બદલ મને કંઇજ અનુભવ ન હોવાને લીધે સઘળું સુધારવા કરવાનું કામ કરવા માટે મારા મોટા ભાઈ દીનશાહજીએ જે મેહનત લીધી છે તે માટે હું તેમની ઘણી આભારી છું.

મેહેરબાનુ ધનજીશાહ ખરાસ.

૪૬, મીરઝાં સ્ટ્રીટ બહારકોટ,
મુંબઇ ૧-૩-૫૧.

મારી બેહેનપણીઓને શીખામણ.

સંપીલું સુખી કુટુંબ.

માતાનાં મરતી વખતનાં શુભ વચનો.

બેહેન—ઓ ભાઇ! તું તો હમેશ ક્રીકેટની અંદર ગાંડો થઇ ગયો છે! જે પ્રમાણે મધમાખો આખો દીવસ ફુલોની અંદર મધ માટે ભમતી ફરે છે, તે પ્રમાણે તારૂં મગજ ક્રીકેટની અંદરજ ગરક થઈ ગયું છે. નીશાળેથી છુટયો કે ક્રીકેટ. સનીવાર અને રવીવારે ક્રીકેટ, કોઈ દહાડો રજા હોય ત્યારેબી ક્રીકેટ; અને જ્યારે ભાઈને આવવાનો મોડું થયું અને પુછયે તો કહે કે, આજે જીમખાનાની "મેચ" હતી અને કાલે બીમખાનાની "મેચ" છે. એમ હમેશ મેચ વીશેની વાતો! જો કોઈ દહાડો મેચ છે એવું સાંભળ્યું હોય તો, ખાવા પીવાનું એક કોરે, પણ "મેચ" પેહેલાં ! એ પ્રમાણે જો તું કરશે તો આપણું શું થશે? તને માલમ તો છેજકે, આપણાં માની તબીઅત દીનપર દીન ખરાબ થતી જાયછે, તેથી તારે તેમની સંભાળ લેવી જોઈયે, તેને બદલે મેચની સંભાળ લેવા મંડી ગયો છે, એ કાંઈ સારી વાત છે?

ભાઈ—અરે બ્હેન! તને માલમજ ક્યાં છે કે, ક્રીકેટ રમવાથી માણસને શું ફાયદો થાય છે? જો, હું કહું છું, તે સાંભળ; ક્રીકેટ રમવાથી શરીર મજબુત થાય છે, તેમજ મગજ ખીલે છે; એ પ્રમાણે એના ઘણા સુખકારક દાખલાછે, તે તને ક્યાં માલમ છે? છોકરીઓએ માત્ર ભરવા ગુંથવાનું કામ કરી જાણવું, બીજું કાંઈ છે ?

બ્હેન—ના રે! અમને કયાંથી માલમ હોય!! જાણે અક્કલનો ઓથમી પાડો તુંજ છે તો!!!

ભાઈ—બ્હેન, હવે તું એ ભાંજગડ રહેવા દે. મને પેહેલાં આપણાં 'મા' ની તબીઅત કેવી છે તે કહે, જોઉં વારૂં? આજે કાંઈ એવણનાં શરીરને ઠીક છે કે નહી?

બ્હેન—ઠીક તો કયાંથી હોય? પેટમાં કાંઈ અન્ન પાણી જાય તોજ સુખ થાય કેની? મુળમાં ઓસડજ પેટમાં પુરૂં પાધરૂં જતું નથી, ત્યારે એમને ઓસડનો ગુણ તે કયાંથી થાય વારૂં?

ભાઈ—બ્હેન, જો તું ખરેખરૂં પુછે તો, મને નથી લાગતું કે એવણ કાંઈ ઝાઝા દહાડા કહાડે.

બ્હેન—તારા મનમાં એમ છે શું, અથવા તું એમ ધારે છે? કે એવણ થોડા દહાડામાં મરી જશે?

ભાઇ—એમ તો મને લાગે છે, પછી તો ઇશ્વરના હાથમાં છે. તે કરશે તે થશે.

બ્હેન—ઓ ભાઇ! આ તું શું બોલે છે? અરે જો એમ થાય તો આપણા બુરા હાલ થશે. અરે આપણું એની પાછળ કોણ છે? નથી કાકા, નથી મામા, નથી કોઇ સગું વાહાલું કે આપણને હેતથી બોલાવે. અરે રે! આપણુ

શું થશે? અરે! એણે મહા કષ્ટ સહીને આપણને ઉછેર્યાં! ત્યારે આપણું સુખ જોવાને નહી રહેશે! તેના ઉપરનો બદલો લેવા તે નહી રહેશે? (નીશાસ નાખીને) અરે ઈશ્વર! હવે હમારા શા હાલ થશે? જો આપણા "પીતાજી" બીજી બાયડી કરે તો, ખરેખર તેને આપણાં વીષે એટલું લાગશે? જે "માતા" એ આપણને તેનાં પેટમાં પુરા નવ માસ રાખી મહા કષ્ટે જન્મ આપ્યો, તેને જેટલું આપણે વીષે લાગે તેટલું કાંઇ સાવકી માને લાગે બાગે નહી જો?

ભાઇ—બેહેન, તું તો ગાંડી થઈ છે! આપણાં "મા" હજી તો આજારી છે, એટલા વારમાં તું ભવીષ વીષે વીચાર કરે છે. તારા જેવી કોઈ ગાંડી તો આ દુન્યામાં હશેજ નહી. ચાલ, આપણે ઘર જઇ માની આસનાવાસના કરયે. (જાયછે.)

(અકસમાતથી બાપ દાખલ થાય છે.)

બાપ—આજ ચચાર મહીના થયા ડાકટરોનું ઓસડ કરતાં કરતાં કંટાળી ગયો, પણ મારી વાહાલી બાયડીને કાંઇ ફેર પડતોજ નથી! આખા ગામના ડાકટરો ખોલી વળ્યો છું. હવે કોઇ બાકી રહયો હોય એમ મને દેખાતો નથી.

ઓ ઈશ્વર! તેં તો મને જેવી જોઇએ તેવી પત્ની આપી, પણ તેનાથી વીખુટા ના પડાવ. જ્યારથી હું એની સાથે પરણુયો છું, ત્યારથીજ મોજ શોખમાં દહાડા ગુજાર્યા છે, પણ એની જીંદગાનીને જો ધક્કો લાગ્યો તો પછી મારા સંસારની ધુલધાણી થશે, એમાં કાંઈ શક નથી.

આહ હા! મારી વાહાલી સ્ત્રીની જીંદગી વીષે જો હું છપાવી પ્રગટ કરૂં, તો ખરેખર એક મોટું પુસ્તક થાય. એ કેવી રીતે ઘરનો સંસાર ચલાવતી, કરકસરથી ઘરનો

ખરચ કરી ઘરમાં બધાંને સંતોષ રાખતી; કોઈ દહાડો એણે મને માઠો સખુન તો કહયોજ નથી. જો હું કોઈ વખતે એના ઉપર ગુસ્સે થાઉં તો તે નીચું મોહોડું કરી ચુપ બેસતી, કે જેથી મનેજ એની દયા ઉપજતી. આજ બે વરસ થયાં મારો હાથ ભીડમાં છે, એ વીશે હું દલગીર થાઉં તો મને શાંત કરી, મોટી મોટી ધીરજની વાતો કહેતી, તે વખતે હું એક પથ્થર મીસાલ સ્થીર થઈ જતો. એના સદગુણના એવા અનેક દાખલાઓ બનેલા છે. વળી જો કે આડોશી પાડોશી અને સગા વાહાલાંની બાયડીઓ નવાં નવાં લુગડાં, ઘરેણાં પેહેરી લગન કારણુમાં મહાલતી ફરે છે, તે પ્રમાણે એને મુદલ ગર્વ ન હતો. કોઈ દહાડો એણે મને એવું નથી કહ્યું કે, કોઇ નવું ઘરેણું કરાવો, કે નવી નવી સાડીઓ વેચાતી લાવો. ત્યારે એવી સ્ત્રી વીશે શું હેવાલ આપું, તે મને કાંઇ સુઝતું નથી. હું પોતેજ મનથી શરમાઇ નવું કાપડ બાપડ આવ્યું હોય ને ખરીદ કરવા વીષે પુછું તો મને પોતેજ અટકાવતી. આહ હા! એવી પત્ની વીશે જે કાંઇ કહીયે તે થોડુંજ છે. વળી જુઓ તો એ કાંઇ પૈસાવાલાની દીકરી નથી. એ તો ખરૂંજ છે કે, પૈસાવાલી છોકરાઓને તેમનાં માબાપ માથે ચઢાવે છે, તેથીજ તે છોકરીઓ સાસરે પોતાના ધણી સાથે બરાબર સુખચેનથી રહેતી નથી, અને ગામમાં તેમને વીશે ઢેડ ફજેતી થતી સંભલાય છે. હવે એ વીશે વધારે ટકટક કરવી ઠીક નથી. હવે તો જરા ઘેર જાઉં આજ ત્રણ ત્રણ રોજ થયાં આંખને જરા નીંદ્રા નથી, તેથી ઘેર જઇ જરા ઓસડ પાણી મારી પ્યારીને આપી જરા લેહું.

(આગળ જાય છે, એટલાંમાં સામેથી એક મીત્ર આવે છે.)

મીત્ર—કેમ ભાઇ, તારી સ્ત્રીની તબીઅત હવે કેવી છે? ઓસડ કોણનું કરે છે? તું બીહે છે શું કરવા? જોની પેલા પાલનજી પસતાકીયાની બાયડી જ્યારે મરવા પડી હતી ત્યારે મોટા મોટા ડાકટરોએ પણ તેની આશા છોડી હતી અને તે હમણાં જેવી જોઇએ તેવી તંદરસ્ત થઇ છે.

હોસંગજી—ભાઇ, એ તો નસીબની વાત છે. ચાલો હવે જઇયે.

(જાય છે.)

(પલંગ ઉપર સુતેલી માં, દીકરો અને દીકરી પાસે ઉભાં છે.)

છોકરી—માયજી, હવે આપના જીવને જરાક આરામ છે કે?

છોકરો—બેહેને ડાકટરનું ઓસડ આપ્યું કે?

છોકરી—ભાઈ, ઓસડ તો કયારનુંજ આપ્યું.

મા—મારાં વાહાલાં છોકરાંઓ અહીં આવો. હું તમને આજ એક શીખામણની વાત કહું છું તે સાંભળો, અને આજથી તે શીખામણ પ્રમાણે ચાલજો.

છોકરો—માયજી, માતાનો ધર્મ તો એજ છે કે, હમેશ નવરાશની વેળાએ પોતાનાં છોકરાંઓને સારી સારી શીખામણો કહી, તેઓને સારે માર્ગે લગાડવાં, તેટલા માટે મારાં વાહાલાં માયજી, આપણી શું ઈચ્છા છે તે કહો; અમે બેઉ જણાં સાંભળવાને તૈયાર છીયે.

મા—વાહાલા શાવક, તારી મીઠી વાણીથી મારૂં મન એટલું તો હરખ પામ્યું છે કે, કાંઇ બોલવાની મના નથી. મારાં અત્યંત વાહાલાં છોકરાંઓ, મારે તમને આજે જે કાંઇ કહેવું છે તે કહેવાને મારી જીભ ઉપડતી નથી.

છોકરી—કાંઇ ફીકર નહી માયજી, કાંઇ ધબરાશો નહી. ધીરેથી બોલજો, કાંઇ ઉતાવળ નથી.

મા—સાંભળો છોકરાંઓ, મારી અંતની ઘડી હવે પાસે આવી છે, મને ઈશ્વરને ત્યાંનું તેડું આવ્યું છે, કે જ્યાં ગયા વગર છુટકો નથી. આ સુખનો સાગર છોડી, તમારાં જેવ વાંહાલાં પુત્ર પુત્રી, અને પ્યારા પતીથી વીખુટી પડી, આ દુન્યાનું સુખ દુઃખ જોવાને બદલે, હું થોડીક પળમાં અંહીથી વીદાય થઇશ.

છોકરો—(દુઃખથી) અરર! વાહાલાં માયજી, અમે નીરદોષ બાળક કે જે હજી તદન નાદાન છીયે, તેઓથી વીખુટાં પડી વીદાય કેમ થાવો છો? માયજી, અમારી એવી ઈચ્છા છે કે, જ્યાં અમારી સદાની વાહાલી મા હોય ત્યાં તેની સાથે હસી ખુશીથી રહી, તેના જીવને સંતોષ પમાડયે, પણ તમે તો તેની દરકાર કર્યા વીના ચાલ્યાં જાઓ છો. શું તમને અમારી દયા મુદલ નથી આવતી વારૂં?

છોકરી—માયજી, આ નીરદોષ બાળકોને ઘણાં દુઃખો સહન કરવાં પડશે! (રડે છે.)

મા—વાહાલાં છોકરાંઓ, તમને રડતાં જોઈ મારૂં હૈયું કઠણને બદલે નરમ થતું જાય છે. તમારે મને આ વખતે હીંમત આપવી જોઇયે, તેને બદલે ડચકાં કેમ ખાઓ છો વારૂં? શું તમે એમ ધારો છો કે, મને તમારી દયા જરાયે નથી?

છોકરી--વાહ? માયજી, અમારાથી એમ કેમ કહેવાય કે, તમને અમારી દયા નથી આવતી.

મા—ત્યારે જુઓ મારાં વાહાલાં છોકરાંઓ, ઇશ્વરે માત્ર તમને શીખામણ દેવાને માટેજ મને થોડાક વખત જીવવા દીધી છે; માટે મારી આંખની કીકીઓ, તમો સાંભળો—

મારાં મરણ પછી તમો એક બીજાં સાથે હલીમલીને ચાલજો, એવી રીતે કે કોઈ દહાડો તમારે છુટાં પડવું નહી, એઉ એક બીજાં ઉપર હેત રાખજો, ઘરમાં કદી પણ કજ્યો કંકાશ કરતાં ના, કારણ કે મારી પછી તમને કોઈ શીખામણ દેનાર નથી. તમારો બાપ જો ફરીથી પરણ્યો તો પછી તેનું હેત તમારી ઉપરથી ઓછું થશે, એમા તો શક નથી. હમેશ તમો તેની સેવામાં તત્પર રહેજો. તેનું દરેક કેહેણુ માનજો. કદી કોઇ સાથે લડી વઢી તેની આગળ 'રાવ' ખાવા જશો નહી. તમારો પીતા તમારે માટે જો બીજી 'મા' લાવે તો તેને કદી પણ પજવતાં ના. તમો એમજ સમજજો કે, પરમેશ્વરે તેને મારે ઠેકાણે મોકલી છે. કદાચ તમો તેને દુખવશો તો તમારા ઉપરથી તેનું હેત ઘટશે, અને તેથી આગળ જતાં માઠાં પરીણામ નીપજશે, કારણ કે એ તમારા બાપને ઊંધું ચતું સમજાવી તમારી સાથે વેર પડાવશે; એટલા માટે તમો બેઉ જણાં સંપીને રહેજો. મારાં વાહાલાં બચ્ચાંઓ, હવે મારી જીભ ઉપડતી નથી, મારાથી વધારે બોલાતું નથી, પણ છેલ્લું કહેવાનું તો એજ છે કે, એક બીજાં ઉપર 'પ્રેમ' રાખજો. અં! ભુલતાં ના, અં! નહી તો તમને તો નહી પણ મને મારાં મરણ પછી ગામનાં લોકો ગાળો દેશે કે, માએ છોકરાંઓને સારી ચાલ શીખવી નહી. એટલા માટેજ મારી શીખામણ ભુલતાં ના.

(એટલામાં 'બાપ' આવેછે, તે બંને છોકરાંઓને પોતાની પાસે લઇને.)

હોસંગજી—મારા સદાના વાહાલા શાવક અને શીરીન, તમો શું વાતો કરતાં હતાં?

શાવક—વાહાલા પીતાજી, અમારી 'મા' ની આવી દ-શા જોઈને અમને ઘણું માઠું લાગે છે. અમને અંતઃકર-ણથી ચાહાતી જે મા, કે જેણે નવ માસ સુધી પોતાનાં પેટમાં રાખી, મહા કષ્ટ સહી જન્મ આપ્યા પછી હજારો દુઃખોમાંથી ઉગારી એટલાં મોટાં કીધાં, તેનો અમારે બ-દલો આપવો જોઈએ, તેને બદલે તો અમને તેવણ છોડી જાય છે.

(તે રડે છે, તેને જોઈને શીરીન પણ રડે છે.)

બાપ—મારા અત્યંત વાહાલા શાવક અને શીરીન, હજી તો તમારી વાહાલી 'મા' બીછાના ઉપર પડી છે, ને જો ઇશ્વર ઇચ્છા હશે તો, એમાંથી પણ ઉઠીને હુશીઆર થશે. તમો અત્યારથીજ શામાટે રડો છો? તમારા રડવાથી તેને પણ રડવું આવશે, અને તેથી તેની માંદગીમાં વધારો થશે. બેટા! તને માલમ છે કે, બીકટ પ્રસંગે ધીરજ ધરી હીંમત આપવી જોઇએ, તેને બદલે તો તું ગાંડો થઇ રડે છે. જો! તારાથી તારી નાની બેન શીરીન છે, તે તને જોઈને વધારે રડશે, એટળા માટે તારે ધીરજ રાખવી જોઇએ. તારી 'મા' ને શાંતી આપ કે જેથી તેનો જીવ સંતોષ પામે; સમજ્યો!

શીરીન—વાહાલા પીતાજી! તમે અમને ધીરજની વા-તો કહોછો તે અમે માન્ય કરયે છીએ. પણ અમારી સૌથી વાહાલી 'માએ' અમને કહ્યું છે કે, તેમનો મરવાનો વ-ખત થોડો રહ્યો છે. વળી એક ચોકસ મોટી શીખામણની વાત કહી છે, અમે બેઉ બેહેન ભાઈએ નીશ્ચય કીધો છે કે, આજથી અમારાં હેતવંતાં 'માયજી' ની શીખામણ પ્રમાણે ચાલવું.

(તેને આ પ્રમાણે બોલતી જોઇને શાવક ઈશારત કરે છે, અને મોઢાં ઉપર હાથ દઈને કહે છે કે, મુંગી રહે. એટલામાં બાપની નજર તેની ઉપર પડેછે તેથી તે પુછે છે.)

બાપ—કેમ બેટા! એવી તે શું શીખામણ તમારી માતાએ તમને આપી છે કે, તે મારાથી છુપી રાખવા તારી બેનને ઇસારત કરે છે?

"મા બાપે" પોતાનાં છોકરાંઓને શીખામણ આપવી એ.તો તેમનો ધર્મજ છે, કારણ કે જે પ્રમાણે કુમળું ઝાડ વાળ્યે તેમ વળે અને મોટું થાય તો કેટલીએક કોશેશ કરો પણ કદીએ હાયથી વાંકુ થવાતું નથી; તેજ પ્રમાણે છોકરાંઓ જ્યારે નાનાં હોય ત્યારથીજ દરેક "માત પીતા" એ સારી સારી શીખામણની વાતો કહી તેઓના મનમાં ઉતારવી, કે જેથી તેઓ આગળ જતાં સુખ પામે. બેટા! તને માલમ તો હશેજ કે, ત્રીજી ચોપડીના ચૌદમાં પાઠમાં પોપટનાં બે બચ્ચાંની વાત આવી છે તેમાં જોની! નાનપણથી એક સારાં માણસને ત્યાં ઉછર્યું અને બીજું નઠારાંને ત્યાં, તેથી બેઉ જણમાં કેટલો તફાવત હતો વારૂં? તારી બેહન મને કહેતી હતી તે વખતે તેને અટકાવીને, મારાથી તું છુપી રાખવા માંગે છે, ત્યારે જરાક એમાં તેં પાપ કીધું છે એમ થયું, પરમેશ્વરનો તું જરાક ગુનેહગાર ઠર્યો છે.

શાવક—વાહાલા પીતાજી, એમાં મેં કંઇ પાપ કીધું નથી, કારણ કે જુઠું બોલવું એ મહા પાપ છે એ વાત તો ખરી, પણ જુઓ, હું જુઠું બોલ્યો હોઉં તોજ મને પાપ લાગે કેની?

બાપ—હાજ તો.

શાવક—ત્યારે તમે મને પાપને માટે દોષ કેમ મુકો છો વારૂં ? કારણ કે હું કાંઈ ખોટું બોલ્યો નથી. એમાં જો મારો તકસીર હોય તો હું પાપી કહેવાઊં. વારૂં, (શીરીન તરફ જોઇને,) અએ કમબખત બેહેન, તું એ શું ભઠી બગાડી નાખી, તારા પેટમાં એટલું સમાવસ કરવાની જગ્યા નથી, કે તું જોય છે કે આવા તારા બે શબ્દ ઉપરથી કેટલી તકરાર આપણા મુરબ્બી બાવા સાથે કરવી પડે છે. જો તું કાંઇ બોલતે નહી તો હું તને ઈસારત કરતે નહી, જેથી મુરબ્બીજીને ગુસ્સો પણ લાગતે નહી, માટે મારે આવી તકે તુંને બેન દાખલ બે સખુન કહેવા છે તે ખુબ ધ્યાનમાં રાખજે કે ફરીથી એમ કરી તુને સેવટે પસતાવું નહી પડે.

શીરીન—ત્યારે બોલો, માહારા વાહાલા ભાઇ.

શાવક—જો તું એક આગળની સાંભળેલી વાત બીજી આગળ કરશે, તો તેમાં મોટા ઝગડા લાગશે, કારણ તે પછીથી હુશીયાર રહી, પેલીની સાથે વેરથી વરતે, જેથી તેનાં મનને ખોટું લાગે કે શું હશે જે મારી સાથે કોડું ચહડાવીને ફરે છે, જેથી સેવટે તેને પુછવાની ફરજ પડે છે, અને પછી ખબર થયાથી તારી ઉપર સરવેનો તીરસકાર સીવાય બીજું કાંઈ નહી, તારે સમજવું. માટે હવેથી જરા મગજ ઠેકાણે રાખીને બોલવા તેમજ વાતચીતમાં હુશીયારી રાખજે.

શીરીન—(ભાઈની પાસે જઈ હાથ જોડીને) વાહાલા ભાઈ, મને માફ કરજે હં ! મહારી મોટી ભુલ થઇ છે.

બાપ—(મનમાં) કોણ જાણે એની માએ કેવી શીખામણ દીધી છે !

શાવક—બેન તને માફ છે, જા. આપણાં "માએ" જે જે શીખામણ આપી છે તે ધ્યાનમાં રાખજે, બીજું મારે કંઈ કહેવું નથી.

શીરીન—(કાન મરડીને) વારૂં મારા વાહાલા ભાઇ, હવે હું કદી ભુલીશ નહી.

બાપ—હવે સાંભળો.

શાવક—ચાલો પીતાજી, હવે ઝટ કહો, વગર ફોકટની ટકટક કરવાનું માંડી વાળો.

બાપ—જે પ્રમાણે આંબાનાં ઝાડને અમૃત જેવાં ફળ હોય છે તેજ પ્રમાણે આમલીને ખાટાં હોય છે. જો કે સંસારની અંદર આંબા અને આમલી એ બંને બહુ ખપનાં છે, તોપણ અંહી એ ઉદાહરણને ખાતર તમને કહું છું. ત્યારે એજ પ્રમાણે સારાં માણસનાં છોકરાં હોય તેનાં છોકરાં આગળ જતાં સમજુ, ડાહ્યાં, અક્કલવંત, વીચારવંત ને બહુ ભલાં થાય છે. અહીં જો કે તારી માને પેટે તું એક ફળ પ્રાપ્ત થઈ છે, તારી માનો સ્વભાવ કેવો મીલનસાર, માયાળુ અને હસમુખો છે, ત્યારે તેનું ફળ જે તું અને આપણો શાવક તે કેવાં નીવડયાં છો ? તેજ પ્રમાણે ફરામરોજનો બાપ કે જે હમેશ લોકોની ગરદન ફાંસતો આવેલો છે, ત્યારે તેનાં ફળ ફરામરોજ અને તેની બેનો કે જેઓની ઉમર તમારા જેટલી છે, તેમને અત્યારથીજ મા બાપે ખોટું બોલવાની ટેવ પાડી છે તે કાંઇ હવે જવાની છે, કેમકે પડી ટેવ તે કદી ન ટળે; ત્યારે જુઓ કે આપણામાં ઘણાંક લોક એવાં છે કે કોઇ માંગનાર ઘરે આવે, ત્યારે તેનાં છોકરાંઓને તે ઘરમાંથી અગાઉથી ચેતાવી રાખશે કે કોઈ આવે તો સાફ કહેવું કે શેઠ ઘરમાં

નથી. પણ શેઠ મુછપર તાલ દેતા બૈરી સાથે ગપાટા હાંકતા હશે. આ ઉપરથી એટલીજ શીખામણ લેવાની છે કે, કેટલાંક મા બાપો પોતાનાં છોકરાંને ખોટું બોલવાની ટેવ પોતેજ પાડે છે, ત્યારે તે બચ્ચાં મોટાં થાય અને તે-વાંજ કામ કરે તેમાં શી નવાઇ છે વારૂં? કેમ બોલતો નથી શાવક—

શાવક—બાવા, એ વાત તો ખરીજ છે.

હોસંગજી—કેમ માય શીરીન, હવે તારા જીવનો ખુલાસો થયો કેની? ચાલ હવે તારી માતાએ તને શું શીખામણ દીધી છે, તે ઝટ કહી દે.

શીરીન—બાવાજી, કહેવાનું તો તમને એટલુંજ છે કે, મારી માતાનાં મરણ પાછલ તમે અમને તજી અમારાં બંનેના બુરા હાલ કરશો.

હોસંગજી—માય, એ તું શું કહે છે વારૂં? શું હું તમારા બુરા હાલ કરીશ? ના, ના, મારાં વાહાલાં છોકરાંઓ, (કોટી કરીને) તમને મારા ગળાંના હાર તરીકે માનીશ, કદી તમારાથી હું વીહીલો પડવાનો નથી, એ તમારે ખાસ યાદ રાખવું! શું એ વાત તમારી માએ કહી છે વારૂં?

શાવક—હા બાવાજી, માત્ર એ વાત કહી છે એટલુંજ નહી, પણ એવુંબી કહ્યું છે કે, જો તમારા 'પીતા' બીજી બૈરીને લાવે તો તેને તમે મારે ઠેકાણે ગણજો. પરમેશ્વરે તેને મારે ઠેકાણે બેસાડી છે એમ માનજો, તમે તેની સાથે હેતથી વરતજો, તે એવી રીતે કે તેને તમારી દયા આવે એવું માતાજીએ કહ્યું છે.

હોસંગજી—વાહ શાવક, બીજું કંઈ કહ્યું છે કે ! (એ-ટલામાં શીરીન વચ્ચે બોલી ઉઠે છે.)

શીરીન—હા બાવાજી. બીજું એમ કહ્યું છે કે કેટલીક સાવકી માતા ઘણાંજ કઠણ હૈયાંની હોય છે, અને તેઓ પોતાનાં સાવકાં બચ્ચાંઓ ઉપર ઘણોજ જુલમ ગુજારે છે, તે સાથે વળી પોતાના ધણીને કહી બચ્ચાં ઉપરથી હેત ઓછું કરાવે છે, એટલે તે બાપડાં ગરીબ બચ્ચાં રઝળતાં ફરે છે, અને તે બાપડાંઓની દાદ યા ફરયાદ કોઈ લેતું નથી. એટલુંજ કહ્યું છે, બીજું કાંઇ કહ્યું નથી. પણ બાવાજી, અમારી માતાજીનાં મરણ પાછલ તમે એવું કરતા ના, હં!

હોસંગજી—વાહ ! શાબાસ દીકરી શાબાસ, ધન્ય છે કે તમારાં જેવાં છોકરાંઓ ઈશ્વરે મને આપેલાં છે. અરે! મારાં પ્યારાં છોકરાંઓ, તમે કદી એવું ધારતાં નાં, કે હું તમારી માતાનાં મરણ પાછલ તમારા હાલ કરીશ; ધીક્કાર છે એવા 'બાપ' પર કે જે બીજી સ્ત્રીનું સાંભળી ગરીબ બચ્ચાંઓ ઉપર દુઃખ પાડે. પ્યારા શાવક, તું શું એમ ધારે છે કે, તમારા ઊપરથી હું મારી માયા ઓછી કરીશ ?

શાવક—વાહાલા પીતાજી, તમારા હાલના વીચાર પ્રમાણે ખરૂં પુછો તો, મને કાંઈ દેખાતું તો નથી કે તમો તેમ કરો ! પણ કોણ જાણે ? તમો એક વાર બીજી (મા) ને લાવો એટલે તે તમને ભમાવી અમારા ઉપરથી તમારી માયા ઓછી કરાવશે, તે હું હમણાથી કેમ કહી શકું વારૂં ? કેમ બેહેન (શીરીન) બોલતી નથી ?

શીરીન—હાજ તો ભાઇ (શાવક); કોણ જાણે આપણાં કરમમાં શું લખેલું છે તે, આપણા જેટલાં છોકરાંઓની મા તો કેવી સુખનો લાહવો લઇ ફરે છે, ને બાપડી આપણી 'મા' તો ખાટલાપર પોતાનાં મરણનો વીચાર કરતી પડી રહી છે. (રડેછે) ચાલ ભાઈ, હવે જરા ઓસડ આપવાનો વખત થયો છે.

(બંને જણા જાય છે.)

હોસંગજી—(એકલો ખેદકારક રીતે) આહ ! શું છોકરાંઓ શ્યાણાં છે. તેઓની માતાએ મરવાની પેહેલાંજ શીખામણ આપી છે, કે આગળ તેમને કામ પડે. ખરેખર! આવી સ્ત્રી મળવાને હવે તો બહુજ મુશકેલ, કારણ કે જે પ્રમાણે ભલી, શ્યાણી, સદગુણી, સુશીળજ માણસનો આ જગમાં ખપ છે, તેવોજ પેલી દુન્યામાંબી છે. તેથી એને પેલી દુન્યામાંથી તેડું આવેલું છે ખરૂં, પણ હું તો મારાં અત્યંત વાહાલાં બે છોકરાંઓનું ભલું થાય એવું મારાં અંતઃકરણથી ઇશ્વર પાસ માગું છું.

(એટલામાં દોડતી દોડતી શીરીન આવે છે.)

શીરીન—બાવા ચાલો તો! ઉતાવળ કરો !! માયજીતો ઘણાંજ આજારી થયાં છે, હવે તો કાંઈ બોલતાંબી નથી. (રડતી રડતી) ચાલો બાવાજી.

હોસંગજી—ચાલ મુગી રહે. પરમેશ્વર જે કરશે તે થશે, તેની આગળ કોઇનુંબી ચાલતું નથી; ને ચાલવાનુંએ નથી. જો યમ રાજા (જમ) તેને લેવાનેજ આવ્યો હશે તો તેને બી ગયા વગર કઇ છુટકો છે વારૂ ? ચાલ. (બંને જણા જાય છે.)

(પલંગ આગલ શાવક એક નોકર અને
એ વતરોગે આડોશી પાડોશી ઉભાં છે.)

મા—આવો આવો, મારાં પ્યારાં, શાવક અને શીરીન, હવે મારી અંતર ઘડી છેક ભરાઇ આવી છે, મારી આપેલી શીખામણ કદી ભુલશો નહી; એક બીજાંથી વીહીલાં પડતાં ના, આવો મારાં પ્યારાં, હવે એક વારની તમને કોટી કરી લઉં.

(કોટી કરી પછી ધણીને—)

મારા પ્યારા ખાવીંદ, મારાં કોમળ અને સુરેક નાનાં બાળકોને આજ દીનથી તમારે સ્વાધીન કરૂં છું, એ લોકનું સારૂં નરસું તમારે જોવું. મારી અંતઃકરણથી તમને પ્રાર્થના છે કે મારાં છોકરાંઓપર હેત રાખજો, જે પ્રમાણે તમે હાલ એઓના ઉપર પ્રેમ દેખાડો છો તેજ પ્રમાણે મારી પાછલથી રાખશો એવી મારી અંતઃકરણથી આશા છે. જોજો હં! કદી ભુલતા ના! કારણ કે તમો બીજી ધણીઆણી લાવ્યા કે મારાં પ્યારાં ને નીરધન બચ્ચાંઓના હાલ થાય નહીં. હું તમને વારેઘડીએ કહેતી આવી છું કે, સાવકી માનાં દીલમાં જરાએ રહેમ હોતી નથી. સોમાં વળી એક સારી નીકલી આવે છે, તેથી તમે યાદ રાખજો કે મારી પુંજી એજ છે, સુનાં રૂપાં ને હીરા માણેક કરતાં ખરો પૈસો ને પુંજી એનાં એજ! તમને ભમાવી ભમાવીને છોકરાંપરથી હેત ઓછું કરાવશે, પણ જોજો, મારાં ગરીબનાં નીરધન બાળકને અમથાં પજવતા નાં?

હોસંગજી—વાહ! વાહ! શું તું જાણે છે કે એ મારાં બાળકો નથી?

ધણીઆણી—નહીં, નહીં, હું એમ તો કહેતીજ નથી કે એ તમારાં બાળકો નથી. ખરૂં જોતાં તો એ બાળકો તમારાંજ છે, પણ કહેવાનું એટલા માટે છે કે, ઘણાક પુરૂષો તેઓની સ્ત્રીનાં મરણથી તેનાં ફળોને તદન ગણકારતા નથી, તેઓએ જાણે કોઇ વેચાતાં ગુલામડાંને લીધાં હોય તે માફક તેઓ સાથે વરતે છે, ઘરની અંદર બીલાડાં કુતરાં ખાય છે તેમ તેઓની દશા! તેટલાંજ માટે મારા પ્યારા ધણીજી, મારી અંતઃકરણથી એવી આશા છે કે, તમે તેમ કરશો નહી.

હોસંગજી—ખરેખર! જો તારી ઈચ્છા એવી હોય તો હું તારાં મરણ પાછલ પરણવાનોજ નથી.

ધણીઆણી—ના, ના, હું કંઇ તમોને તે બાબદપર કહેતી નથી;—

હું તમને મોટી ખુશી સાથે કહું છું કે તમારે પરણવું, કારણ કે ઘરની અંદર સ્ત્રી જાતી શીવાય સંસાર શોભે નહી; પણ મારૂં કહેલું યાદ રાખજો કે, મારાં બચારાં નીરધન બચ્ચાંપર તે કશી બાબદનો જુલમ કરે નહી, સમજ્યા, મારે કંઇ બીજું કહેવું નથી; એવું નહી કરતા કે "શેઠની શીખામણ ઝાંપા લગી."

હોસંગજી—શાબાસ! શાબાસ! ધન્ય છે તને, ધીક્કાર છે હવે મારા સંસારપર, કે ઇશ્વરે આપેલું અમુલ્ય રત્ન આજે હું ગુમાવીશ! (ડચકાં ખાઇ રડે છે.)

(બંને છોકરાં રડે છે.)

શાવક—બાવાજી તમે શું કરવા રડો છો, તમો જો એવી રીતે હીમત હારી જશો તો આ શીરીન ને હું શું કરશું વારૂં?

મા—પ્યારા શાવક અને શીરીન, હવે છેલ્લીવાર મારી પાસે આવો, એટલે છેલ્લી બચ્ચી કરૂં.

(છોકરાંઓ જાય છે,–એ છેલ્લી બચ્ચી છે.)

પ્યારા શાવક, જરા મારે માટે પાણી લઇ આવ, ને તમો બંને જણા મારાં મોંહમાં રેડો એટલે હું સ્વર્ગવાસ થાઊં.

(પાણી લાવે છે.)

પ્યારાં બચ્ચાં, હવે સંસારનું સુખ દુઃખ સહન કરજો, એક બીજાં સાથે સંપથી રહેજો, હર ઘડીએ મને યાદ કરજો.

ઓ પરવરદીગાર! મારાં બાળકો છે નાદાન,
બક્ષ તેઓને જીવતદાન.

શીરીન—બાવા, તમે અમારા ઉપર જુલમ કરતા ના, હં?

હોસંગજી—(છોકરીને દાબીને) નહી, નહી, મારી સદાની વાહાલી શીરીન, તું એવું તો કદી તારા મનમાં લાવતી ના.

શાવક—(માની પાસે જઇ જુવે છે, તેની આંખ બંધ થયલી.) ઓ જી! ઓ જી! કેમ બોલતી નથી!

શીરીન—ઓ બા! ઓ મા! હું આવી છું, કંઈ બોલ તો ખરી.

હોસંગજી—(તેની આંખોને હાથ લગાડીને રડે છે) મારાં પ્યારાં ફરજંદો, હાય! હાય! એ તો બેહેસ્તનશીન થઈ છે. અફસોસ! અફસોસ! હું હવે લાચાર! ખરેખર લાચાર! હવે મારા સંસારની ધુળધાણી—

શાવક—હાય હાય, ઓ મા! હવે અમે શું કરશું? તારા વગર અમને કેમ ચેન પડશે? જરા બોલ તો ખરી,—

(જરા આગલ જઇ) ઓ મા જરા એક વાર તો બોલ!

હોસંગજી—અરર! પરવરદીગાર તેં અમને એનાથી કેમ જુદાં પાડયાં!

શીરીન—ઓ મા! મને એક વાર તો તારી છાતીએ લગાડ.

હોસંગજી—(તેને છાતીએ દાબીને રડે છે.) ઓ! બેહેન એ તો હવે સ્વર્ગવાસ થઈ. આવ હું તને મારી છાતીએ લગાડું.

(આડોશી પાડોશી આવે છે.)

જરબાઇ—અરે આ શું થયું! ઓ શાવક, અરે શીરીન, તમે એટલાં બધાં કેમ રડો છો!

શીરીન—હમારી વાહાલી મા મરી ગઈ છે.

હોસંગજી—હાય! હાય! હવે શું કરું!

માણેકજી—અરે હોસંગજી, તમે ગાંડા કેમ બનો છો? આવી વખતે તમારે ધીરજ ધરવી જોઇએ અને આ નાનાં બાળકોને ધીરજ આપવી જોઇયે, તેને બદલે તમેજ હીમત હારી ખાવો છો, ચાલો મુગા રહો.

જરબાઈ—(હોસંગજી,) આ તમારો શાવકશા ડાહગો કે તેની બેહેનને કેટલો દીલાસો આપે છે.

હોસંગજી—પ્યારા શાવક, તું કાંઇ બીહીતો ના, હું કદી તમને વીહીલાં પાડીશ નહી.

શીરીન—(દોડીને માનાં બીછાણાં આગળ જાય છે.) એ મા! એ મા રે, હવે અમને કહો તમે કયાં ગયાં, જરા બોલતાંબી નથી!

જરબાઈ—અરે શીરીન આવ મારી પાસે, જો તારો ભાઇ કેવો છે, જરા હીમત ધર, જે થવાનું હતું તે થઇ ગયું. હવે અમથાં તમે કેમ શોર કરો છો?

હોસંગજી—તમે વળી એમ શું બોલો છો? મારી છાતી તો ધબકે છે, ઓ ભાભી શું તમો ધારો છો કે મારૂં હૈયું પથ્થરનું છે?

જરબાઇ—ના ના, હું કાંઇ એમ નથી બોલતી, આવી સમજુ ને ડાહી, (આંસુ લાવીને) તમારાં ધણીઆણીનું નહી કેમ લાગે વારૂં? ચાલો હવે મુગા રહી જાઓ.

હોસંગજી—(પોતાનાં છોકરાંને બે હાથમાં લઇને) મારાં પ્યારાં શાવક અને શીરીન, ચાલો તમારાં આંસુ લુછી નાખો, તમારે કાંઈ ધભરાવું નહી. પરવરદેગારના મનમાં એમ હશે ત્યારે તમે ને હું શું કરશું? (રડતાં રડતાં) પ્યારાંઓ, ચાલો મુગા રહી જાઓ.

શીરીન—(પાછલ બીછાણા તરફ જોઇને) ઓ મા! તું મને કેમ નથી બોલાવતી, મારાપર આટલી ગુસ્સે કેમ થઈ!

હોસંગજી—અરે ભાભીજી જુઓ, મારૂં હૈયું કેમ હીંમત ધરે? હાય! હાય! પરવરદીગારે મને કેમ મારી નહી નાખ્યો?

માણેકજી—વાહાલા હોસંગજી એવું તે શું બકો છો! આ તમારી આગળ નાનાં બાળકો છે તેને જરા મુગાં રાખો, જ્યારે તમે એવી રીતે કરશો તો છોકરાંઓ બીહી

જશે. જુઓની મારા ભાઈની બૈરી મરી ગઇ ત્યારે તે બાપડાં-ઓએ શું કર્યું? કંઇ વીચાર કરો.

હોસંગજી—અરે પરમેશ્વર, તું હમારાં ગરીબની ઉપર દયા લાવજે હાય, હાય રે! (જ્યારે આવી હાલતમાં હતાં ત્યારે કોઇનેબી તે લાસને ઠેકાણે પાડવાનું સુઝ નહી પડયું, અને સર્વેની આંખોમાંથી નેત્રધારા વેહેવા લાગી.)

જરબાઇ (આવો કંગાળ વખત જોઇ એકદમ બોલી ઉઠયાં,) "તમો સર્વે દીવાનાં કેમ બની ગયાં? ઘરમાં લાસ પડી છે, તેની ધર્મક્રીયા કરીને વગે સગે કરવી, કે ફોકટનો વખત ગુમાવવો?" જ્યારે જરબાઇએ નરમ હૈયે પણ સખત શબ્દથી કહ્યું એટલે સર્વેને સુદ્ધી આવી ને ક્રીયા ચાલુ થઈ અને રાબેતા પ્રમાણે લાસનેબી ઠેકાણે પાડવામાં આવી. પણ પુછવું શું? જ્યારે લાસને ઘરમાંથી બહાર કહાડવામાં આવી ત્યારે શાવક અને શીરીન માથાં ફોડવા લાગાં, અને એવો તો શોર બકાર મચાવી દીધો કે કોઇબી સખત હૈયાંનાં માણુસની આંખોમાંથી આંસુ પડયા વીના રહે નહી. તેવા સમયે હોસંગજીને શું પુછવું પડે, તે બીચારો તે લોકને આવી હાલતમાં જોઇ પોતેબી ફસડાઇ પડયો, અને જો પોતાનાં મીત્રની દેખરેખ ન હતે તો તે વધારે ગમ પકડતે, અને બેસુધ પણ થતે, તેમાં કાંઇ નવાઇ નહી! આવો કમકમાત ભરેલો દેખાવ જોઇ સર્વેનાં હૈયાં ભરાઈ આવ્યાં અને ગરીબડાં નાનાં બચ્ચાં ઉપર દયા લાવવા લાગ્યાં. અંતે થોડી ઘણી મેહેનતે લાસને ઠેકાણે પાડવામાં અવી.

હોસંગજી—(સઘળું કામ થવા બાદ) મારાં પ્યારાં ફરજંદો, શાવક અને શીરીન, તમો મારી પાસે આવો, હું તમને કોટી કરૂં કે જરા મારાં મનને સંતોષ વળે.

મારૂં હૈયું ફાટે છે, મારી જીભ લટકે છે, મારા સંસારની હવે ધુળ થઇ છે, અને મને હવે કાંઇ સુઝતું નથી કે શું કરૂં. માટે તમો મારાં નેગેહબાન થાવો, હવે આપણો મદદગાર એક ઇશ્વર સીવાય બીજો કોઈ નથી, માટે તમો સારી ચાલ ચલાવજો, અને તમારી માતાના શુભ વચનો યાદ રાખી દુનયામાં સારાં નામ કહાડજો. હવે આપણા ઘરનો રખેવાળ કોઈ નથી, માટે એ શીરીન ! તું તારી 'મરનાર મા' ની જગ્યા સંભાળ અને ઘરનું સઘળું કામકાજ કરી તારા ભાઈને તથા મારાં મનને રીઝવ. ઘરનું સઘળું કામકાજ કરવું એ તો સ્ત્રીનો ધર્મજ છે, તેથી તારી માતાએ તુને એ સર્વે અગાઉથી શીખાડયું છે, જેથી હવે તો બીલકુલ ભારી પડનાર નથીં.

માટે બેહેનો, સદા એવો વખત રહેતો નથી, એ તો દુનયાનું ચક્કર છે, ઘડીમાં કેમ અને ઘડીમાં કેમ ફરે છે તેનો ભરોસો નહી; માટે સર્વ કોઈએ આ ધ્યાનમાં રાખી પોતાની કસુર સુધારવી.

ભાગ પેહેલો સમાપ્ત.

ભાગ બીજો

સુખી કુટુંબનું વીખરાવું.

સાવકી માનો જુલમ—સેવટે ભેગાં થાય છે.

શીરીન—(સર્વે ગયા પછી) હજી મારી ઉમર તો ફક્ત

વરસ આંટની છે અને મુરબીજી બાવાજીએ તો સઘળો કારભાર મારી ઉપર નાખ્યો છે; ત્યારે આવા સમયે ધીરજ રાખવી (એવો મનમાં વીચાર કરે છે) તેવામાં—

શાવક—કેમ બેહેન, દલગીર ચેહેરે છે, તારી ઉપર શું આફત આવી પડી છે, જેથી તું આવી ગંભીર દીસે છે?

શીરીન—ભાઈ, કાંઈ નથી, ફક્ત આપણી વય ઘણી નાની છે, અને કામો મોટાં કરવાં છે, તેનો અંદેશો કરતી હતી, તેવામાં તમો ભાઈ આવી લાગા; બીજું કાંઇ નથી.

શાવક—અંદેશો શું કરવા કરવો? આપણી માતાએ તો ઘરનું કામકાજ કેવી રીતે કરવું તે સઘળું તને શીખાડયું છે, જેથી લગરીક તને ભારી પડનાર નથી.

શીરીન—એ તો ખરૂં છે ભાઇ, પણ મારાં મનને મોટો અંદેશો એવો આવે છે કે હવે આપણી ઉપર ખુદરતનો કોપ ઉતર્યો છે, એવું મને દીસે છે; જો એમ ન હતે તો આપણાં જેવાં નાનાં બાળકોની 'મા' મરતે નહી.

શાવક—પણ તે તો ઇશ્વર ઈચ્છા. તેમાં આપણો કાંઇ ઈલાજ નથી. હવે જે થાય તે મુંગે મોહડે જોવાનું છે, અને ઘર સંસારનું કામકાજ કરવું.

શીરીન—એ તો સ્ત્રીઓનો ધર્મજ છે.

(તેવામાં બાપ દાખલ થાય છે.)

હોસંગજી—મારાં પ્યારાં ફરજંદો, તમોએ શું ગોફતેગો ચલાવી છે, તે મને કહો.

શાવક—બેન અંદેશો કરતી હતી તેને દીલાસો આપતો હતો.

(તેવામાં હોસંગજીના મીત્ર આવે છે.)

મીત્ર—ભાઇ હોસંગજી કેમ છો ? તમારી સ્ત્રીનાં મરણ પછી છોકરાંઓની હાલત કેવી છે ?

હોસંગજી—(ગંભીર ચેહેરે) સરવે સારૂ છે. માત્ર છોકરાંઓ જરા મુઝાય છે; બીજું કાંઈ નથી ભાઇ.

મીત્ર—(શાવક અને શીરીન તરફ આંગલી બતાવીને) આ બાળકો બહુ નાનાં છે, માટે તમારે બીજું ઘર કરવાની જરૂર છે, જેથી એ બંને બચ્ચાંઓ જળવાય.

હોસંગજી—(જરા ગુસ્સામાં) એમ કદી બનનાર નથી, હવે ઇશ્વર મારૂં મોત આપે તો ઘણું સારૂં. શું! હું બીજી વાર પરણી આ મારાં પ્યારાં બાળકોને દુ:ખમાં નાખું ? તમોને ખબર નથી કે બીજી ઓરતો પોતાનાં સાવકાં બચ્ચાઓ ઉપર કેવી તરેહનો જુલમ ગુજારે છે તે, અત્રે યુરપમાં બનેલો તાજોજ દાખલો મારે ટાંકવાની ફરજ પડી છે. એક ડાહી અને લેવાઇ ગયલી તેર વરસની છોકરી, પોતાના બાપ અને સાવકી 'મા' સાથે રહેતી હતી, તેઓ બંને સ્વતંત્ર માણસ હતાં ; વખતે તેઓ બપોર સુધી સુઇ રહેતાં. તે ગરીબ બીચારી છોકરી તેમનું સઘળું વહીતરૂ કરતી, તેણી સહવારમાં જલદી ઉઠી ઘરનું સઘળું કામ-કાજ, સાફસુફ વતરોગે કરતી. તેણીને નાસતાને માટે ફકટ બે કટકા રોટલીના અને ઠંડી ચાહે મળતી. સ્કુલ ઉપરાંત તેણીને બીજું ઘરનું કામ પણ કરવું પડતું હતું. સ્કુલમાંથી આવ્યા પછી ખાણાં માટે બે રોટીના ટુકડા મળતા અને તરતજ પાછી સ્કુલમાં જતી, ત્યાંથી પાછી આવ્યા બાદ આઠ વાગા સુધી ઘરનું કામ કરતી, અને પછી પણ તેણીને જેવો ને તેવોજ ખોરાક મળતો. તેણીને માંસનો ખોરાક તો ભાગ્યેજ મળતો. વળી ઓછામાં પુરૂં,

સાવકી મા અને તેણીનો બાપ તેણીને મારતાં. તેણીના બાપે ઠોંસાઓ મારી તેણીની આંખો કાલી કરી મુકી હતી. તેણીનો બાપ ભોંયરાંમાં લઇ જઇને સોટી અથવા તો કોરડા વતી મારતો, જ્યારે કોઇ આવે કે તેણીને તાબરતોબ ભોંયરાંમાં મોકલી દેવામાં આવતી. તેણીને પોતાની સ્કુલના સંગાઠીઓ સાથે એ વીશે વાત નહી કરવાને સખત તાકીદ કરવામાં આવતી. એક છોકરાએ તેણીના નીલઝ્ઝામાં જોઇ પોતાની મા પાસે તેણીને લઇ ગયો, જેણીએ તેને કાંઈક ખાવાનું આપ્યું. તેણીની માએ એમ કરવા માટે તેણીના હાથ પર સોટીઓ મારી અને પછી ઊંધાડે દીલે બારીઓ સાફ કરવા બેસાડી. આ પછી તેણીને સોસાયટીની સંભાળ હેઠળ લાવવામાં આવી હતી. તેણીના શરીર ઉપર સલ પડી ગયલા હતા, આંખો ઉપર ચાઠાં પડી ગયાં હતાં, અને હથેલી સુજી ગઈ હતી, તેણીના જમણાં હાથ ઉપર ઢીમણું હતું, ખભાંથી ઢીંચણ સુધી અને ડાબા હાથ પણ તેવીજ સ્થીતીમાં હતા, તેણીને ઘણીજ દુષ્ટ છોકરી જણાવવામાં આવી હતી; અને તેટલા માટેજ સજા થવાનું કહેવાયું હતું. ખરેખરં જોતાં તો તે છોકરીના જેવું મીલનસાર અને આજ્ઞાકીત કોઇકજ હશે. તેની માને સોલ માસની અને બાપને બાર માસની સખત કેદની સજા ફરમાવવામાં આવી હતી. (કાઠયાવાડ ટાઇમ્સ) માટે ઓ ભાઈ, મારી આગલ ફરીથી તું બીજી ઓરત વીશે વાત કરતો ના, ને નકામો મારો જીવ ઉશકેરતો ના.

મીત્ર—ઠીક છે, ત્યારે હમણાં તો હું જાઊં છું.

"શાવક અને શીરીન પોતાના બાપ સાથે હેતથી વાતો કરે છે, તેમાં બાપ પોતાની પત્નીએ દીધેલી શીખામણ

પોતાનાં ફરજંદોને યાદ દેવડાવે છે, અને તે પ્રમાણે ચાલ-વાને હુકમ કરે છે. (થોડા દીવસ ગયા બાદ મીત્ર પોતાના દોસ્ત હોસંગજીની ખબર લેવા આવે છે.)

મીત્ર—કેમ શાવક? તમારા મુરબ્બી બાવા કયાં છે અને તમારાં બેન શીરીન શું કરે છે, તેવણુબી દેખાતાં નથી?

શાવક—બેહેન તો રાંધણીમાં નારતાની તજવીજ કરે છે, અને બાવાજી તો નહાવા બેઠા છે, તે હમણાં આવશે; તમો બેસો. હું હમણા શીરીનને બોલાવી લાવું છું હં!

મીત્ર—કાંઇ ફીકર નહી, કામ પુરૂં કરીને આવશે. શાવક રહેવા દે.

(તેટલામાં હોસંગજી ઓરડામાં દાખલ થાય છે.)

હોસંગજી—(મીત્ર તરફ જોઈને) ભાઈ સાહેબ કેમ છો? આટલા દીવસ કયાં હતા?

મીત્ર—જરા માંદગીના સબબથી મારા ડાકટર સાહેબે ફરમાવ્યું હતું કે તારે હવા ફેરબદલ કરવી જોઇયે, તેથી હું થોડા દીવસ 'જહાંબોરડી'ની ધર્મશાળામાં હવા ખાવા ગયો હતો. મકાનની વાત તો શું કહું કે દરીયાના કાંઠા ઉપરજ બાંધેલું અને મેનેજર સાહેબની એટલી બધી મા-વજત કે જેથી મારૂં બધું દુઃખ ઈશ્વરની બક્ષેશથી થોડા દીવસમાં દફે થઇ ગયું, અને હાલમાં તમો જુવો છો તેવો છું. પણ તમોએ શું વીચાર કીધો?

હોસંગજી—શું? વીચાર શાનો?

મીત્ર—અગાઉ જ્યારે હું તમારી પાસે આવ્યો હતો અને તમોને બીજી બૈરી કરવા વીશે ફરમાવ્યું હતું તે! બીજો શાનો હોય વળી?

હોસંગજી—તમો તો ફોકટનું માથું દુઃખવો છો.

મીત્ર—એમાં વળી ફોકટનું માથું તે શાનું દુઃખવવાનું? તમોને બીજું ઘર કર્યા વીના છુટકો નથી; માટે મારી નાદાનની વાત સાંભલી એક સારૂં ઘર કરો તો તેમાં શોભા છે, અને તમારાં નાનાં બાળકોબી સચવાશે. જુઓ ઘરમાં શીરીન એકલી, શાવક સ્કુલમાં જાય અને તમો આપીસમાં જાવો, ત્યારે ઘરમાં કોણ? જુવાન જવાન બચ્ચાંને ઘરમાં કાંઇ એકલું રખાય કે? માટે તમો પુરતો વીચાર કરો.

હોસંગજી—તમો જે કહો છો તે બધું વાજબી છે, પણ હું કયાં શોધવા જાઉં વારૂ? વળી કોઈ કેવી આવે અને કેવી નહી અને આ બાળકો ઉપર જુલમ પડે, તેબી સંતાપ મારા જીવનેજ થાય કેની!

મીત્ર—એ તો જે નસીબમાં હશે તે બનશે.

હોસંગજી—ત્યારે કોઇ તમારાં ધ્યાનમાં હોય તો કહો.

મીત્ર—પેલા આપણી આપીસના પેસતનજી જેમણ ગયેજ વરસ ગુજરયા હતા તેવણની બૈરી જે વીધવા થઈ છે તે મારા ધારવા પ્રમાણે હજી સુધી રંડાયલીજ છે, માટે જો તમારી ખુશી તેણીની સાથે કરવાની હોય તો હું તેને મારી ઓરતની મારફતે પુછાવું.

હોસંગજી—હા, જરા મેહેરબાની કરી પુછાવજો, કારણ કે મારા ધારવા પ્રમાણે તે વીધવા બાઇ ઘણી ભલી દીશે છે. પછી તો જે આપણાં નસીબમાં હશે તે બનશે, તેમાં તમારે માથે કાંઇ દોષ ન મુકાશે.

મીત્ર—ઠીક છે, ત્યારે હું મારાં ધણીઆણીને તેની ખબર કહાડવા મોકલીશ અને જો તેવું માલુમ પડશે તો તરતજ તમારૂં ત્યાં સાટુંબી કરવામાં આવશે, પછી કાંઇ છે ?

હોસંગજી—બસ, મને બીજું કાંઇ જોઈતું નથી. જ્યારે તમોને તે સારી માલુમ પડે છે, એટલેજ બસ છે. (મીત્રે પોતાના ઘરનો રસતો લીધો.)

"મીત્ર ઘર જઈ પોતાની સ્ત્રી આગળ હોસંગજીની ઉપર વીતેલી સઘલી બીનાથી વાકેફ કરે છે અને પેલા (મરનાર પેસતનજી) ની વીધવા વીશે ચેતવણી આપે છે અને તેણીને ત્યાં જવા કહે છે."

ધણીઆણી—ઠીક છે ! મારા પ્યારા ખાવીંદ, તમોએ જે આટલી જેહેમત તમારા પ્રીય દોસ્ત માટે ખેંચી છે, ત્યારે તેમાં મારે પણ ભાગ લેવો જરૂરનો છે. એ શુભ કામ કરવાને હું પછાત પડનાર નથી. કાલે રામરોજબી છે અને એ રોજનું કાંઇ મુરતબી જોતાં નથી, કહેવત છે કે "રામ અને વગર મુરતે જાય ગામ" તેથી એ સારૂં કરવાને હું તમોને વચન આપું છું, પણ સંભાળજો, તમારા મીત્ર હોસંગજી પાછળથી ફરી નહી બેસે, અને ના નહી પાડે તેની સંભાળ રાખજો, સમજ્યા કે ?

ધણી—તમે જો એ નકકી કરી આવો તો હોસંગજીબી કબુલ છે, અને પોતાની તદન ખુશી એ બાઇ ઉપર બતાવે છે, એટલે હવે તેવણથી ફરાશે નંહી.

"ધણીઆણી પોતાના પતીની રજા લઈ જાય છે, અને પેસતનજીનાં પીરોજબાઇ આગળ સરવે 'અનીથી તે પની' સુધીની સઘળી હકીકત જાહેર કરે છે. સેવટે તેણી કબુલ

કરે છે અને તે બાઇ પોતાના પતી તથા હોસંગજીની સાથે સાંજે કલાક ચારને અમલે આવી રૂપીયા પેહેડાવવા કબુલ કરે છે."

(તેણી ઘેર પાછી ફરે છે.)

ધણી—કેમ પ્યારી શું કીધું પેલાં કામનું ?

ધણીઆણી—સૌ સારૂં છે, અને તમો જલદી જઈ હોસંગજીને ચેતાવો કે આજે સાંજે ચાર કલાકને અમલે આપણે ત્યાં જઇ રૂપીયા પેહેડાવી નામ પાડયે.

ધણી—ઠીક છે ત્યારે હું જાઉં છું, આ ચાલ્યો અહં કે?

ધણીઆણી—અંહ કે શું કરો છો, જલદી જાવોની, વખત થોડો રહ્યો છે ને અંહીના અંહીજ હજી તો છેવો.

ઓરત જાત હંમેશાં અધીરી હોય છે, અને આગળ પાછળનો વીચાર કરતીઓ નથી. તે એકદમ કુવામાં પડવા માંગે છે, ને કોઈબી કામ કરવું હોય તે આગમજ પુરતો વીચાર કરવો નહી એ તો સ્ત્રીનો જાતી સ્વભાવજ છે, માટે બેહેનો, એવો અધીરો જીવ એકદમ નહી કરવો, કાંઈબી કરવું હોય તો વીચારી કરજો.

ધણી—લે બા, આ ચાલ્યો (જાય છે).

હોસંગજી પોતાના ઓરડામાં પોતાનાં બે બાળકો સાથે બપોરનું ખાણું ખાય છે, તેવામાં મીત્ર આવી લાગે છે.

મીત્ર—શેઠ સાહેબ, ભાઈ સાહેબ, બેન કેમ છો ?

સર્વે સાથે—આવો જમ્યે.

મીત્ર--જમો, ખોદા ઘણું બક્ષે.

હોસંગજી—કેમ આપણું સર્વે કામ પાર ઉતર્યું કે?

મીત્ર—તે કીરતારની મેહેરબાંનીથી સર્વે પાર પડયું છે. આજે આપણુને તેવણનાં ઘર સાંજે ચાર કલાકે જવું છે, કારણકે આજે છાપો પાડવો જોઇયે.

હોસંગજી—ઠીક છે, ત્યારે આજે આપણે સાથે જઇશું, તમો તમારાં ધણીઆણી સાથે અંહી આવજો, અહં કે?

(તેવામાં શીરીન બોલી ઉઠી.)

શીરીન—(બાપના મીત્રને) પણ તેવણ અમારી ઉપર જુલમ તો નહી પાડે કેની!

મીત્ર—સૌ સારૂં થશે. ઇશ્વરનો ઉપકાર માનો કે તમારા લોક ઉપર તે ગરીબ પીરોજબાઈ 'માતા' દાખલ આવે છે.

શાવક—પણ તેવણની ચાલચલણ કેવી છે?

મીત્ર—ઘણીજ સારી છે, આગળ જ્યારે મારો મીત્ર (પેસતનજી) હૈયાત હતો ત્યારે હું તેમની પાસે જતો હતો; તે વખતે તો એ મને બહુ ભલી દેખાતી હતી.

શાવક અને શીરીન—ત્યારે તો ઠીક છે, જ્યારે તમારી ખાતરી છે એટલે બસ. તમો કાંઇ હાથે કરીને અમારા મુરબીજી બાવાને ફસાવનાર નથી; પણ અમારી ઉપર તે જુલમ નહી કરે તે માટે જરા ભલાંમણ કરજો, અંહ કે?

મીત્ર—એ તો સર્વ મારી સ્ત્રીએ તેવણને સમજાવ્યું છે, અને વળી તે સાથે તે ડાહી અને ભણેલી છે, એટલે વધારે કહેવામાં કાંઇ સાર નથી. તે સઘળું સહમજે છે.

(જાય છે.)

"કબુલેલા વખતે હોસંગજી, મીત્ર, તથા તેવણનાં ધણીઆણી મરનાર પેસતનજીની વીધવાને ઘર જાય છે, અને ત્યાં એક બોલાથી રાજી થઈ સાટું કરે છે. સાક્ષી દાખલ

મીત્ર અને તેમનાં ધણીઆણી ઉભાં છે. ઠેડવેલા વખતમાં કામ પાર પડ્યું." (સરવે જાય છે.)

હોસંગજી—(મીત્રનાં ધણીઆણીને) બાઈ માફ કરજો, તમોને બહુ તકલીફ પડી છે.

મીત્રનાં ધણીઆણી—અરે! એમાં શું છે, ઈશ્વરનું કામ ઇશ્વરે કીધું તેમાં માફ શાનું માગવાનું. તમો તો મારા ભાઈ જેવા લાગોચ એટલે શું જોઇયે?

(શેકહેંડ સલામ કરી એક બીજાંથી જુદાં પડે છે.)

'શાવક અને શીરીન પોતાના પીતાની રાહ જોતાં ઉભાં છે, તેવામાં બાપ આવી લાગે છે.'

શાવક—કેમ! બાવાજી હમારાં નવાં થનાર માતાજી કેવાં છે? તેવણ ભલાં દેખાય છે કે નહી?

બાપ—મહોડાં ઉપરથી તો સારાં દેખાય છે, પણ અંદર-ખાણેથી કેવાં છે તેની કોણને ખબર પડે વારૂં?

શીરીન—બાવા, ત્યારે હવે તો તમો તેવણના શીખવ્યા પ્રમાણે હમારી ઉપર જુલમ કરશો, અને હમારી **માતા**એ મરતી વખતે જે તમોને કહ્યું છે તે ઉપર પાણી ફરવાનું.

બાપ—શીરીન, તું તો દીવાની બની ગઈ છે શું તમે મને વાહાલાં નથી લાગતાં? જો તમોને હું એક પળ ન જોવું તો ગાંડો બની જાઉં, ત્યારે તમારી ઉપર હું જુલમ કરશ! એવું મારેથી કદીબી બનનાર નથી. જ્યાં સુધી મારી ઘાંટીમાં પ્રાણ છે, ત્યાં સુધી તમોને મારી આંખ આગળથી ખસેડનાર નથી, તે તમો ખુબ ધ્યાંનમાં રાખજો. પણ તમોએબી તમારી નવી થનાર '**માતા**' તરફ રહેમ નજર બતાવવી, જેથી તમારાં ઉપર તેનું હેત વધશે, અને તમોને તે વીહીલાં મેળશે નહી.

(એવી વાતો ચાલે છે એટલામાં મીત્ર દાખલ થાય છે.)

મીત્ર—સાહેબજી, કેમ છો? કેવી ખબર?

હોસંગજી—સૌ સારૂં છે.

મીત્ર—મુરત જોવડાવ્યું છે, અને 'દીન' રોજ નક્કી થયો છે, માટે તે દીવસે તમારે તૈયાર રહેવું.

હોસંગજી—કપડાં અને જણસ શું કરવી પડશે?

મીત્ર—સરેસતા પ્રમાણે 'ગગરનાં લગન' ને માત્ર ચાર જોડી કપડાંની, અને જણસ તમારી જોગવાઇ પ્રમાણે કરવી. તમો જે કરશો તે સઘળું તમારે ત્યાંજ રહેશે, તેથી તમોને સારૂં લાગે તેમ કરવું; પણ એકદમ લાભાજી લાભ નહી કરવો.

હોસંગજી—ત્યારે તો તમેજ તમારાં ધણીઆણીને કહેજો કે એટલાં કપડાં જેવાં તેવણને પસંદ પડે તેવાં લે અને આંકડો કરી મારી ઉપર મોકલજો, જેથી હું તે ચુકવીશ.

મીત્ર—ઠીક છે, અને હું કપડાં વગેરેની તૈયારી કરૂં છું.

(ઘેર જાય છે.)

"મિત્ર ઘેર જઇ પોતાની સ્ત્રીને કપડાં વીશે સુચવે છે, અને પીરોજબાઇને સાથે લઈને રેશમી કાપડીઆ મી૦ ભેસાનીઆની દુકાને જાય છે, અને પસંદ પડતું કાપડ ખરીદે છે. ચાર જોડી કપડાં ખરીદ કીધાં અને બીલ કરવા કહ્યું. જ્યારે બીલ તૈયાર થયું ત્યારે જોય છે તો રૂ ૮૦૦) થી તે રૂ ૯૦૦) સુધીનું હતું, તે હોસંગજી ઉપર મોકલાવ્યું."

હોસંગજી—(બીલ જોઇ વીચારે છે.) મેં તો ફક્ત મનમાં એવી આશા રાખી હતી કે રૂ ૩૦૦) થી રૂ ૪૦૦) સુધીનું બીલ આવશે, પણ તે તો બેવડું થયું છે,

(એવામાં શીરીન તથા શાવક આવી લાગે છે.

શીરીન—કેમ! બાવાજી, વીચાર શાનો કરો છો તે હમોને કહો.

હોસંગજી—(બીલ દેખડાવીને) આએ રેશમી કાપડીઆ મી૦ ભેસાનીઆની કુંપનીને ત્યાંનું બીલ આવ્યું છે, તે ઉપર હું વીચાર કરૂં છું.

શાવક—બીલ શાનું! આપણે તો કાંઇ કાપડ બાપડ ખરીદ કીધું નથી.

હોસંગજી—હમણાં તમારી નવી થનાર **'માતા'** માટે મારા મીત્ર જોડે તેનાં મન પસંદ કાપડ લેવા કહેવડાવ્યું હતું, તે મારા ધારવા કરતાં રકમ ઘણી મોટી થઇ છે, જેનો હું વીચાર કરૂં છું કે એટલા વારમાંજ એ મને ખરચાલુ માલમ પડે છે, ત્યારે આગળ આપણું શું થશે.

શીરીન—બાવાજી, એ તો તમારી પોતાની ભુલ છે, તમો પોતે સાથે કેમ નહી ગયા? જો તમે જતે તો એનું અરધીયું જરૂર થતે, કારણ કે જરા 'તે' શરમાતે, અને વધુ ભારી કાપડ ખરીદ નહી કરતે. માટે હવે જે થયું તે નહી થાય તેમ નથી, વાસતે મુગે મોહડે એના પૈસા ચુકવી દેવો, નહી તો કે ખરાબ લાગશે. બહાર બીલવાલો સીપાઈ કયારનો ખોટી થતો હશે, માટે જલદી કરો.

હોસંગજી—(શાવકને તેડે છે) અહીં આવ શાવક. (શાવક આવે છે) આએ ચાવી લે અને કબતનાં નીચેનાં ખાનાંમાં તીજોરીની ચાવી છે તે લેઇ આવ, આએ બીલના રૂ ૮૯૦ આપવા છે તે આપીએ, કારણકે બીલવાલો સીપાઈ કયારનો ખોટી થાય છે.

(શાવક કબતની ચાવી લઇ જઈ તેમાંથી
તીજોરીની ચાવી લાવે છે.)

શાવક—લેઓ બાવાજી આએ ચાવી.

હોસંગજી—જા તો 'બા,' ત્રીજોરી ઉઘાડ અને નીચેનાં ફાંડીયાં ઉપર અંદરનાં ખાનાંની ચાવી છે તે લેઈ ખાનું ઉઘાડજે અને તેમાં નોટનું બંડલ છે તે લેજે, અને રોકડા રૂપયા પાસેનાં બીજાં ખાનાંમાં છે તે લેઈ આવ, આપણે એના પૈસા ચુકવી દઈએ.

(શાવક જાય છે.)

શાવક—લેઓ બાવાજી, રોકડા રૂપીઆ તો ફકત ૭૦) છે, અને બાકી પરચુટણ ઘણું છે, તમો જો ફરમાવો તો લાવું.

હોસંગજી—કાંઈ ફકર નહી, એટલાજ બસ છે; (શાવકને અંદરથી નોટ છુટી કરવા ફરમાવે છે, અને શાવક તે પ્રમાણે કરે છે. નોટ છુટી કરયા પછી શાવકને કહે છે) જા તો બા, પેલા બીલવાલા સીપાઈને અંદર બોલાવ.

(શાવક જાય છે.)

શાવક—(સીપાઈને) ઈકરે એ, કાપડચા બીલ તુની આનલા?

સીપાઈ—હોઈ શેઠ.

શાવક—તવા ચલા આંત, તુમચા બીલાચે પૈસે ચુકતે કરૂન ઘે.

સીપાઈ—ચલા શેઠ. (શાવક સીપાઈને અંદર તેડી જાય છે.)

હોસંગજી—(સીપાઈને) તુમચા કેવડા રૂપૈએ નીઘતે?

સીપાઈ—જી શેઠ! આઠશે નૌવદ રૂપૈઆચે બીલ હાય.

હોસંગજી—(નોટ આપે છે) તવાં એ નોટ મોજુન ગ્યા.

સીપાઈ—(ગણે છે) સેંબર સેંબરચી સાત નોટે હાય, આની દહા દહાચી દોન હાય, આનકી સતર રૂપૈયા નગદ હાય, સમદા મીલુન આઠશે નૌવદ રૂપૈઆ ઝાલા શેઠ.

શાવક—તુમચા રૂપૈએ પહોંચલા?

સીપાઇ—હોઈ સાહેબ.

શાવક - તવા રૂપૈઆ પહોંચલે તેચી સહી કરૂન દીયા.

(સહી કરે છે અને જાય છે.)

સીપાઇ—રામ રામ, શેઠ, રામ રામ. (જાય છે.)

"સેવટે બીલ ચુકયું અને કપડાં લેઇ મિત્રે પોતાને ઘેર લઇ જઇ દરજી પાસે સીવડાવી તૈયાર રાખ્યાં અને 'દોન' રોજે સાંજરે તેડવેલા મકાંને ગયાં" (ગગરનાં લગન કરવા માટે.)

શીરીન—બાવાજી, હમોબી તમારી સાથે આવીએ કે?

બાપ—નહી! મારાં પ્યારાં ફરજંદો, એમ કદી બને નહી. આપણામાં એવો રીવાજ છે કે, જ્યારેબી કોઈ પુરૂષ બીજી ઓરત કરે, અથવા તો કોઇ ઓરત બીજો મરદ કરે, ત્યારે પોતાનાં છોકરાંઓને તેમની નજરથી દુર રાખવામાં આવે છે.

(કોઈ સગાંને ત્યાં.)

શીરીન—આપણું તો કોઈ સગું કે વાહાલું નથી, ત્યારે હમે ક્યાં જઇશું?

બાપ—શું કરવા ફીકર કરો છો? આપણાં પડોસનાં જરબાઇ છે, તેવણને ત્યાં આજની રાત રહેજો.

(હોસંગજી જરબાઇને તેડવા મોકલે છે.)

જરબાઇ—કેમજી, શું ફરમાશ છે?

હોસંગજી—આજે મારાં 'ગગરનાં લગન' થવાનાં છે, માટે આજની રાત શાવક અને શીરીનને તમારાં ઘેરમાં રાખજો પછી સહવારે એ લોકને મોકલજો.

જરબાઈ—મોટી ખુશી સાથે. એબી મારાંજ બચ્ચાં જેવાં છે, તેમાં શું છે. પણ કોઇ સારૂં માણસ શોધ્યું છે કે, આ લોક ઉપર જુલમ પાડે તેવું છે?

હોસંગજી—મને તો લાગે છે કે એ તો ભલી છે.

જરબાઇ—ત્યારે તો ઠીક છે; નહી તો કે રાંડના પેટમાં ટાંટીઆ રખેને હોય! અને આ બીચારાં નીરદોષ બાળક ઉપર જુલમ રખેને ગુજારે! એ તો એ લોકનાં નસીબની વાત, જે કીસમતમાં લખ્યું હશે તેજ બનશે.

(જરબાઈ છોકરાંઓને લઇ પોતાને ત્યાં જાય છે.)

"મીત્ર પોતાની પણીઆણી સાથે કપડાં તથા જણસ એ વતરોગે સરવે જોઇતો સામન લઈ હોસંગજીને ઘરે આવે છે. હોસંગજીબી નાહી ધોહીને તેયારજ બેઠા હતા. હેડવેલાં મકાને ધોબીતલાવ ઈડાવાલાની દરમેહેરમાં સરવે જણાં સાથે ગયાં. ત્યાં પીરોજબાઈબી થોડા વખતમાં પોતાની બે સાહેલીઓ સાથે આવી લાગાં. વખત પ્રમાણે ધરમ ક્રીયા થઇ અને સરવે એકમેકને શેકહેંડ કરી છુટાં પડયાં."

હોસંગજી પોતાની નવી પ્રીયા સાથે પોતાને મકાને ગયા.

(સહવાર પડતાં જરબાઇ શાવક અને શીરીનને લઇને આવે છે.)

જરબાઈ—(પીરોજબાઈને) કેમ બેન, બેહાંચ કે?

પીરોજબાઇ—હાજી.

જરબાઇ—આએ તમારા પ્રીય પતીનાં બાળકો તમારે સ્વાધીન કરૂં છું. એ લોક ઉપર પ્રીત રાખજો અને એમજ

સમજજો કે એ બચ્ચાં તમારાંજ છે. એ લોકબી બહુજ ભલાં છે. હવે આજે હું તમારે સ્વાધીન એમને કરૂં છું.

પીરોજબાઇ- (શાવક અને શીરીનને કોટી કરીને.) હું એમજ સમજુંચ કે એ બચાં મારાંજ છે. તમારે કોઇબી રીતની ફીકર રાખવી નહી, પણ તમે કોણ થાવો?

જરબાઈ—હું તો તમારી પાડોશણ થાઊં છું. મને એ લોક ઉપર બહુ દયા આવે છે, કારણકે એ લોકની મરનાર 'માતા' બહુજ ભલાં અને તે સાથે ડાહયાં હતાં, અને એ લોકને સારી રીતે કેળવ્યાં છે, જેથી એ લોકબી તમારો દરેક બોલ બજાવવા પછાત પડશે નહી, એવું હું ધારૂં છું; પણ તમારે એ લોક ઉપર રહેમ નજર રાખવી. એ લોકનું સારૂં નરસું તમારે જોવું છે, માટે તમારે ખુબ સંભાળ લેવી જોઇએ.

જરબાઇ—બેન, હું જાઊં છું.

પીરોજબાઈ—આવજો બેન.

"જરબાઇ ગયા બાદ છોકરાંઓને પોતાના પતી સામે કોટી કરે છે, અને કેટલોએક પ્યાર દેખાડતી હોય તે માફક બચીઓ કરે છે. તેના બદલામાં શાવક અને શીરીન નમે છે, અને પોતાની 'માતા' દાખલ માન આપે છે.

(હોસંગજી અને પીરોજબાઈ બેઠાં છે, મિત્ર દાખલ થાય છે.)

મિત્ર—ભાઈ સાહેબ!

હોસંગજી—મારા મેહેરબાન ભાઈ, સાહેબજી.

મિત્ર—(પીરોજબાઈ તરફ જોઇને) કેમ છો બેન?

પીરોજબાઈ—સારી પડે, ખાઈજીએચ પીજીએચ અને મજાહમાં છઇએ; તમારાં ધણીઆણી કેમ છે? તેવણુને તો એક દીવસ અહીં લાવોની?

મિત્ર—તેવણુબી સારી પડે છે અને તમોને દુવા કહેવડાવીચં.

પીરોજબાઈ—ત્યારે મારીબી ઘણી ઘણી દુવા કહેજો, અને કહેજો કે તમારો ઉપકાર હું કદીબી ભુલશ નહી.

મિત્ર—ઠીક છે, હું તેવણુને કહીશ, અને જો આવશે તો અત્રે કોઈ દીવસ સાથે લેતો આવીશ.

પીરોજબાઈ—જો લાવો તો તમારી મોટી મેહેરબાની થશે, હમારાં ગરીબનાં ઘેરમાં તો એવણુ કયાંથી આવે!

મિત્ર—જો હું કહીશ તો એવણુ જરૂર આવશે.

(શેકહેન્ડ કરી મિત્ર જાય છે, તેને પિરોજબાઈ ખરાવી ખરાવીને કહે છે,) "જોજો, લાવજો અહંકે? મોટી મેહેરબાંની થશે."

મા બાપ અને છોકરાંઓ સારી હાલતમાં રહયાં છે. થોડા દીવસ ગયા બાદ મિત્ર પોતાના ધણીઆણી સાથે હોસંગજીના ઓરડામાં દાખલ થાય છે, જયાં સરવે જણાં બેઠેલાં છે.

(પીરોજબાઈ સહુીને આવકાર દેચ છે.)

પીરોજબાઈ—આવો બેન, આવો, આજે આપણી લાંબા વખતે મુલાકાત થઈ છે. મને તો જરાએ ફુરસદ નથી કે તમારે ત્યાંબી આવું. (શાવક અને શીરીન તરફ આંગળી બતાવીને) આ નાના બજકાને મુકી મારેથી કહેબી જવાતું નથી.

સહી—કાંઈ ફીકર નહી, તેમાં શું છે, જ્યારે ફુરસદ મળે ત્યારે આવવું.

· એ પ્રમાણે વાતો ચાલે છે તેવામાં પડોશનાં જરબાઇ આવી લાગાં. તેવણુની સાથે સહીની ઓળખાણ પડાવી. પછી મરનારની વાત નીકળી, જેમાં જરબાઇએ પોતાના દરેક બોલમાં મરનારની તારીફ કીધી, જેથી સહીએ પીરોજ બાઈને કહ્યું કે, "આ નાનાં બાળકો ઉપર પ્યાર રાખજો અને તમારી નજર આગળથી એ લોકોને ખસેડતાંનાં."

પીરોજબાઈ—એ બચાં તો મારાં સમજુચ, અને એ લોકબી બહુ ભલાં છે. મરનારે એ લોકોને સારી કેળવણી આપી છે, જેથી મારે એક બોલ પણ બોલવો પડતો નથી.

એ પ્રમાણે વાતોના ગપાટા ઉડી રહયા છે, અને થોડા વખત પછી સરવે એક બીજાંથી જુદાં પડે છે.

હવે આપણી તરફ પીરોજબાઈની સગાઇ જોઇએ. તેવણુને બે બેનો હતી, તેમાં એક ભલી અને બીજી ચંડાલ ચોકડીમાંની હતી, તે રોજ પીરોજબાઇને ઘેરે આવતી અને છોકરાંઓની અદેખાઇ કરયા કરતી, અને પોતાની બેનને તે માટે ઉશકેરતી. એમને એમ ઘણાક દીવસ વીતી ગયા પછી, પીરોજબાઇના પતીની અજમેર ખાતે બદલી થઇ; તેવણુની અજમેરનાં ઓડીત ખાતામાં એક વડા કેશીયરની જગા ઉપર નેમણુક થઇ, જેથી તેવણુને ત્યાં જવાની ફરજ પડી, તેથી સરવે તૈયારીઓ કીધી અને પોતાના બાળકોને માટે પણ જોઇતી ચીજો લીધી; પણ પીરોજબાઈનો વીચાર પોતાની બેનને સાથે લેવાનો હતો, જેથી

પોતાના પતીને કહ્યું કે આપણી આગળ કોઇબી માણસ નથી, અને નવે ગામ જવું છે, માટે સાથે કોઇબી માણસ હોય તો સારૂં.

હોસંગજી—તારી ખુશીમાં આવે તેને સાથે લે, હું કયાં શોધવા જાઉં.

પીરોજબાઇ—ત્યારે તો મારી બેહેન ગુલાંને સાથે લેશું.

હોસંગજી—ઠીક છે ત્યારે, હવે બીજું કાંઇ જોઇએ કે?

પીરોજબાઈ—નહીજી. (ગુલબાઇને ચેતાવે છે.)

ગુલબાઇ—(પીરોજબાઈને) છોકરાંઓનેબી સાથે લેશો કે?

પીરોજબાઇ—હાજ તો વળી, એ લોક કયાં જાય?

ગુલબાઈ—ત્યારે તો હું નથી આવતી. (પોતાનાં સ્ત્રી ચરીત્ર દેખાડે છે.) તારાં ટુકતાંઓ મને તો ટુપીને ખાઈ જાએચ કે એને શું કરવા લીધી સાથે, મને તો એ લોક સાથે બને નહી જો! અને હું કાંઇ આવતી નથી, તારે જોઈએ તો જા.

(એને ઘણું સમજાવ્યાથી કબુલ કીધું.) જુઓ છોકરાંઓ તો બીચારાં કાંઇ જાણતાં નથી, પણ એના દીલમાં એવો વીચાર હતો કે, પોતાની બેન પાસે મતરાઇ દાખલનો દોર કરાવવો, એજ વીચાર તેણીએ પોતાના મનમાં ઠસાવી રાખ્યો હતો. બચ્ચાંઓ ઉપર વેર લેવાનો તેણીનો હેતુ હતો. શાવક અને શીરીન સાથે તેણીને અસલથીજ 'બારમા ચંદ્રમાં' હતા, કારણકે ગુલબાઇનો તો તે લોક ઉપર વેર લેવાનો વીચાર હતો, કોઇબી રીતે તે લોકને પોતાની બેહેન પીરોજ આગળથી દુર રાખવાનો વીચાર તે કરતી હતી, તેથી કોઈબી રીતે તે નાદાન બાળકો સાથે ચીઢડાં કાડતી અને છેડતી શોધતી.

હવે હોસંગજી અને સર્વે છોકરાંઓને તા૦ ૨૭ મીએ મુંબઇથી કુચકરવાનો હુકમ થયો હતો. કારણ કે તા૦ ૧ લીએ નવા ઓહ્દાનો ચારજ લેવો હતો, તેથી વખત પ્રમાણે કુચ કરીને બરોબર વખત પ્રમાણે જઈ પુગ્યાં અને હોસંગજીએ પોતાનો ઓધ્ધો લીધો.

હવે ગુલબાઈ તરફ જોઇએ. તેણી તો પોતાનો દોર જેનો તે રાખતી હતી, અને તે ગરીબ બાળકો કંટાળી જતાં; જ્યારે સેવટે નહી ખમાયું ત્યારે શાવકનો મીજાજ ગયો અને એકદમ બોલી ઉઠયો:—

શાવક—શું! (ગુલબાઇને) કાંઈ તમો તમારી ગાંઠનું ખવડાવોચ કે એટળો દમ ભરાવોચ, અમારાં માતાજી તો કાંઇ બોલતાં નથી ને તમો શાના પાડમાં એટલો દમ કરોચ? હમોએ આટલો વાર ખમ્યા કીધું પણ હવે નથી ખમનાર.

આથી ગુલબાઇને ચટકો લાગો, જેથી પોતાની બેન આગળ જુઠી સાચ્ચી કરવા ગઈ.

ગુલબાઇ—(પીરોજબાઈને) બેહેન જોની, તારાં દુકતાંઓ તો મને દમ ભારાવેચ ને મુવાં તો કહેચ કે તું હમારાં ઘેરમાં શાની આવી, તારૂં ઘેરબાર બળી ગયુંચ કે? મરેરે! તારે ઘેરે બારે આવવાનું. મુવું આવીને માન ગુમાવવા શું રહું! (એવી રીતે સ્ત્રી ચરીત્ર કીધાં, જેથી બેહેનને ઘણુંજ લાગી આવ્યું.)

પીરોજબાઇ—(છોકરાંઓને બોલાવીને) કેમ, મરી ગયાં મુવાં સીધ્ધાં રહેતાં નથી કે! જો ફ્રીથી ગુલબાઈની અદેખાઇ કરશો તો તમોને ચીરી નાખશ.

શાવક—હમોએ એવણુને કાંઈબી કહ્યું નથી; એવણુ તો જુઠું બોલેચ. (તેવામાં શીરીન બોલી, "એવણુને બોલાવીને પુછો કે હમો જરાબી એવણુની અદેખાઈ કરી-એચ. ઉલટાં ઘડી ઘડી હમોને દમ ભરાવેચ અને બખીઆ શીવાય તો વાત નથી કરતાં.")

પીરોજબાઇ—ત્યારે શું મારી બેહેન જુડી ને માંદ લાગાં તમો સાચાં કે? (એમ કહી ગુસ્સામાં ત્યાંથી ચાલી ગઈ અને હોસંગજીને ઊંધું ચતું સમજાવવા લાગી અને બોલી કે હમણાને હમણા એ લોકને મારી આગળથી લઈ જાવો, નહી તો કે હું કુવો પુરીને મરી જવશ.

હોસંગજી—(પીરોજબાઈને પુંછે છે) શું છે એટલું બધું, કે એકદમ કુવો પુરવા તૈયાર થઈચ; તેનું કારણુ તો મને સમજાવ?

માથાકુટ ઘણીબી કીધી, પણુ બીચારા હોસંગજીનું કાંઇ વલ્યું નહી સેવટે પડતું નાંખી ત્યાંથી ચાલી ગયો અને બીચારો વીચારમાં ગીરફતાર થયો. પેલી તરફ ગુલબાઈ તો પોતાનું કામ પુર જોસમાં કરતી હતી અને બચારાં ગરીબ છોક-રાંઓ ને બહુ સતાવવા લાગી, જેથી બચારાં બાળકો સેવટે કંટાળી બાપની આગળ ફરીયાદ કરાવા ગયાં.

શાવક—બાવાજી, હમારી ઉપર બહુ જુલમ છે.

શીરીન—તેનો કાંઈ નીવેડો લાવશો, કે હમો એમજ ક્વળીએ!

બાપ—(ગુસ્સામાં) હું શું કરૂં, મને કાઈ સુજતું નથી, કારણુકે કેટલા દીવસ થયા તમારી મતરાઈ ખાતી કે પીતી નથી.

"મરાઇ તો સરવેથી સરસ બનાવીને કોઇ નહી હોય ત્યારે નવતર માલ ખાય. કહેવત છે કે બૈરાંઓનું ખાવાનું ચુલામાં, તેમ તર નવાલા બનાવી પોતાના ધણીની ગેરહાજરીમાં પોતાની બેહેનની સાથે કુંડે, અને બચારાં છોકરાંઓની ઉપર ખાધાનોબી ઘણો જુલમ પડવા લાગો; આટલો જુલમ છતાં પોતાના બાપને ખાધા પીધા વીશે બીલકુલ તે સમજુ છોકરાંઓ જાહેર કરતાં નહી."

શાવક—(બેનને) ખરેખર હવે આપણાં નશીબ ફુટાં છે, આપણું અહીં કોઇબી એક ખોદા સીવાય, મદદગાર નથી. બાપની આગળ જઇએચ તો કાંઈ જબાબ મલતો નથી, અને દીવસે દીવસ આપણી ઉપર જાલમી દોર વધતો જાય છે, માટે હવે નાહસવા શીવાય છુટકો નથી.

શીરીન—(રડીને) ઓ ભાઇ! તું મનેબી એકલી મુકી ચાલી જશે ત્યારે હું શું કરશ? જીબ્યા કરતાં મરવું બેહેતર છે. (મનથી વીચાર કરે છે) માટે જો તું મને એકલી મુકી જતો રહેશે તો હું પણ મારૂં સર પતકી મરી જઇશ, કારણકે અહીં તો કોઇ આપણી દાદ લેતું નથી, અને તું હતો તો આપણે એક બીજાંથી ગમ ભુલાવતાં હતાં. હવે મારી આગળ કોણ છે? (એમ કહી ભાઈને ગળે વલગી રડે છે, અને પોતાની પ્યારી 'માતા' ને યાદ કરે છે, કે તેણીએ અગાઉથી સરવે કહ્યું હતું તે હવે નજરે નજર જોવું પડે છે; અને આપણી ઉપર વીતે છે.) માટે ઓ પરવરદેગાર તું હમારો છુટકારો કર, અને આ ફાની દુન્યામાંથી હમોને ઝટ બોલાવી લે. હવે હમારાથી બીલકુલ જુલમ ખમાતો નથી, મરવું બેહેતર છે; (ભાઈને ગળે વલગી ફોકે ફોક મુકી રડે છે,

અને પોતાની માતાને ખુબ યાદ કરે છે.) માતા! હમારી સદાની વાહાલી માતા!! તું તો હમોને છોડી ચાલી ગઇ અને કરારથી નીંદ્રા કરે છે, અને આ તારાં પશુ બાળકો તારા વીના કેવાં ટવળે છે! તે લોકની તું જરાબી ખબર નથી લેતી! ઓ હમારી વાહાલી મા, જ્યાં તું સદા કાળ સુખમાં છે ત્યાં હમુને બોલાવ, અને તારાં પ્યારાં બાળકોને તારી પાસે તું સુખ ચેનમાં રાખી તે લોકને દીલાસો દે, કે હમો આ જુલમી સાવકી માતાના હાથ-માંથી છુટીએ, પણ અહી સાંભળનાર કોઈ નથી.

(શાવક તથા શીરીન અફસોસ કરે છે, તેવામાં બાપ દાખલ થાય છે.)

બાપ—કેમ? તમો લોકો અહી શું કરોછો? લુચ્ચાંઓ, તમે તમારી મતરાઇની સાથે ઘણી ખરાબ વરતણુંક વાપરોચ; પણ સંભાળજો કે તમારા કેવા બુરા હાલ થાશેચ?

શાવક—બાવા, એ શું બોલોચ? હમો એવણને એક સખુનબી બોલતાં નથી. કેમ બેહેન (શીરીન,) બોલતી નથી?

શીરીન—હા બાવાજી, ભાઇ કહેચ તે બધું સાચું છે.

બાપ—(ચીરડાઈને) નીકલ મારી આગલથી, તું તો ઘણો બેખડ થઇ ગયો છે. ચોટ્ટાઇ, લુચ્ચાઇ અને પોશાગીરનાં તારામાં ફેલ દેખાય છે, તેથી તુંને મેં મારાં વીલથી તદન બાતેલ કીધો છે.

શાવક—(બાપને) આઇતી દોલત મને જોઇતી નથી, જાતે મેહેનત કરીને મેળવેલી દોલત જેટલી જુવાન માણસો ને માફક આવે છે, તેટલી આઈતી દોલત આવતી નથી. આઈતી દોલત મલવાથી માણસ ઘણી વેળા છકી જાય છે, અ

ને ગરીબોની કદર પીછાણી શકતાં નથી. જેમ આઇતો તૈયાર પોશાક બેસતો નથી, તેમ આઈતી દોલત પણ બેસતી આવતી નથી. જે નશીબપર બેઠે છે, તે કાલનો વીચાર કરતું નથી. આશા છે તે ઉડાઊ છે, અને જે તેનાં વચન ઉપર વિશ્વાસ રાખે છે, તે કાલની કમાઇના આધારપર આજે મોજથી મસ્ત બને છે.

શાવક ઉપર મુજબ પોતાના બાપને કહે છે, તેથી બાપ ચીરડાઇને મારવા જાય છે, અને કહે છે કે 'જા, તું કેમ રહેચ તે જોઊંચ.' બાપ નેતર લેવા જાય છે તેવામાં શાવક નીશાસ નાખી રડી પડી (બેહેનને કોટી કરી અને બાપને દુરથી સલામ કરી) કહે છે, "માફ કરજો જે બન્યું હોય તે." (જોકે કાંઈબી બન્યું નહતું, તોબી એ પ્રમાણે મમતા ઉપજાવનાર બોલ બોલી ત્યાંથી ગુમ થઈ ગયો.)

શીરીન—(રડતી) બાવાજી, શાવક તો હવે જતો રહયો ને હું એકલી, અતુલી! ઓ પરવરદેગાર, મારા ભાઈને તારી સંભાળ હેઠળ રાખજે, સરવે ઠેકાણે એને સહાય થજે, હમો 'નાદાન,' માતા વગરનાં બચ્ચાં છઇયે. તું તો સરવે જુવેછે અને અંદરનો ભેદ જાણે છે, પણ આ બીચારો ગરીબ બાપ પોતાની નવી પ્રીયા તરફ લોભાઇ પોતાનાં નાનાં બાળકોને તજી દે છે. (હાય નાખી એકદમ રડી પડી અને સેવટે છાતી બેસી ગઇ પાણી પાણી થઈ ગઇ, પણ સખત હૈયાનાં મા બાપે તેને પડતી નાખી; તે બીચારી કલાક દોઢેક પછી પોતાની મેળે અવત્યાં મારી હુશીયાર થઇ, અને જુવે છે તો પાસે ભાઈ નથી, અને નથી બાપ કે મા, કોઇબી નથી, એવો વખત જોઇ આંખમાં પાણી લાવી, તે કીરતારપર એતેકાદ રાખી બેઠી.)

શીરીનમાં કુદરતી અત્યંત સારી હતી, વળી તે સાથે સમજુ હતી, જો કે ઉમર તો માત્ર નવ વરસની હતી. જ્યારે મા મરી ગઇ ત્યારે તે આંઠ વરસની હતી અને શાવક દશ વરસનો હતો. આજે તેણીની ઉમર નવ વરસની છે, તોપણ સ્ત્રીના સર્વે સારા ગુણ તેણીનામાં હતા.

હોસંગજી—કેમ તારો ભાઇ કયાં છે?

શીરીન—બાવાજી, હું તો કાંઇ જાણુતી નથી. જે વખતે તમો મુરંબીજીએ ધમકાવ્યો અને ગાળો દીધી કે તું નીકળ મારા ઘરમાંથી, તે વખતનો તે તો તમારી સનમુખથી ગયો છે, (તેને) મારા પ્યારા ભાઈને પાછો જોયો નથી. (આંખમાં પાણી લાવે છે.)

હોંસંગજી—રાંડ, પાખંડ કરે છે? તું જાણે છે કે તારો ભાઇ ક્યાં ગયો છે, અને તું છુપાવે છે. ચાલ, મને કાંઇ હવે તમારા લોકની દરકાર નથી. તુંબી તેની સાથે ગઈ કાંય નહી? નીકળ તુંબી, તારે જોઈયે ત્યાં જા. (હાથ પકડી કહાડી મુકે છે. તેની ઉપર મતરાઇ લાત મારી થુંકે છે અને ગાળોનો વરસાદ વરસાવે છે.)

શીરીન—(બીચારી ડચકાં ખાતી) કયાં જાઊં મારા મુરંબી બાવા, હું છોકરી જાત ક્યાં રખડું? જો કે મારો ભાઈ શાવક તો છોકરો હતો તેની કાંઈ ફીકર નહી; પણ તમોને જરાએ છોકરી જાતની દયા નથી આવતી? 'મા' મરતે નહી તો હમારી ઉપર આવો જુલમ પડતે નહી.

હોસંગજી—(ચીરડાઇને આંચકો મારે છે) વળી ડાહી ડોસી થઈને મને શીખામણ દેવા આવી છે! ચાલ તારે જોઇયે ત્યાં જા.

આવી હાલતમાં હતી ત્યારે એક તો ભાઈ યાદ આવે અને બીજી તો પોતાની પ્યારી મા યાદ આવે. આ ઠેકાણે વાંચનારે વીચારવું કે તેણીની હાલત કેવી હશે.

(લાત મારી બેઉ ધણી ધણીઆણી છોકરીને બહાર કહાડે છે.)

શીરીન ઇશ્વર ઉપર એતેકાદ રાખી જાયછે. રસ્તામાં એક કુવો આવે છે ત્યાં ઉભી રહી વીચાર કરેછે, તેવામાં સામેથી એક સ્ત્રી માથે પાણીનું વાસણ લઇ તે તરફ પાણી ભરવા આવે છે. આવતાં વાર 'પેલી' છોકરીને રડતી જોઇ પુછે છે—

પાણીયારણ—કેમ માય રડે છે? તારી ઉપર શું આફત છે કે આવી મધ્યમ બપોરે કુવા આગળ તું બેઠી રડે છે?

શીરીને પોતાની ઉપર બનેલી સઘળી હકીકત કહી, જેથી પેલી પાણી ભરનાર સ્ત્રી ને દયા આવી, અને પોતાને ત્યાં લઇ ગઈ, જ્યાં વરસ એક કહાડયું, અને તે ભલી બાઇએ તેણીને એક સારે ઠેકાણે નોકરીએ રાખી.

જો કે શીરીન તે વખતે દશ વરસની થઇ હતી, પણ તેણીનો ઉઘરભાવ સારો હોવાથી તે એક સ્ત્રીના જેવી દેખાતી હતી. સારાં નસીબે તે એક જાણીતા અને પ્રખ્યાત થયલા શેઠ કાવસજી હોરમજી કંત્રાકટરને ત્યાં રહી. આ કંત્રાકટરનાં ધણીઆણી ઘણાંજ ડાહયાં હતાં, જેથી તેણી (શીરીન) ને જાણે કે પોતાનું ઘેર હોય એમ લાગતું. હવે શીરીનને ત્યાં બે વરસ થયાં કે તે ઘેરમાં સુખ હોવાથી 'તે' એકદમ મોટી બૈરી જેવી થઇ ગઈ, પણ કંત્રાકટરનાં ધણીઆણી પોતાની એક છોકરી દાખલ તેણીને રાખતાં, અને કામનો બી બોજો કમતી કરતાં. તેણીએ ઘરનાં સઘળાં માણસોનાં મન જીતી લીધાં અને સર્વે કોઈ નાનું

મોટુ' જોય નહી તો દીવાના બને, એવા તેણીનામાં સારા ગુણ હતા. કુંત્રાકટરનો પીરોજશા નામનો એકપુરો છોકરો હતો, તે બેરીસ્ટરની પરીક્ષા આપવા વેલાત જવા નીકળ્યો. પણ શીરીન ઉપર તેનો ઘણોજ પ્યાર હતો, જેથી તેણીની સાથે મમતાથી વાતો કરતો. હવે વધારે વખત તેનાથી પોતાનો પ્યાર દબાવી રાખવાની તેનામાં શકતી ન હતી, જેથી તેણે પોતાનો પ્યાર જાહેર કીધો; જો કે શીરીન તો બીચારી ભોળી હતી, તેને તો કોઈબી રીતનો ખ્યાલબી નહી હતો.

પીરોજશા—(શીરીનને પુછે છે) કેમ શીરીન તમે કેમ છો?

શીરીન—શેઠ, આજે તમે એવી રીતે વાત કરો છો, જેથી મને તો મોટો વીચાર આવે છે.

પીરોજશા—શીરીન, હું તારી ઉપર આટલો બધો પ્યાર રાખુંછું; જો કે તું હમારે ત્યાં એક નોકર દાખલ રહી છે, પણ તારી ચાલચલણ અને સઘળું કાંઈ જોઈ મારૂં દીલ તું'એ જીતી લીધું છે, માટે મારો વીચાર મારાં માતા પીતાને પુછી તુંને મારી મોહોરદાર કરવાનો છે.

શીરીન—પીરોજશાજી, એ તમે શું બોલોચ! હું—એક ગરીબ નોકર, તેને તમારી મોહોરદાર કરવા માંગોચ; હું તમારે લાયક નથી. તમારાં માયજી અને બાવાજી જાણશે તો મનેબી ઘેરમાંથી કહાડી મેળશે.

પીરોજશા—જોઈયે તે થાવો, પણ હું તને છોડનાર નથી. કોઈબી રીતે મારા મુરંબીજી બાવાને સમજાવીશ, એટલે બસ છે; પછી માયજીબી કબુલ કરશે.

શીરીન—(દીલમાં વીચારે છે કે મારૂંબી દીલ એની ઉપર હતું અને આજે ખોદાએ મારી દાદ સાંભળી છે. હવે મારો સીતારો ચમકે છે, અને આએ દલદેશરીમાંથી છુટી છું; માટે મારે કબુલ કરવાની ફરજ છે. જો, હું આવા શેઠના છોકરાને અને વળી સારી ચાલચલણુવાલાને તજી દેઉં, તો આગલ મારૂં શું થશે તેનો જો વીચાર કરૂં છું તો મારે કબુલ કરવું જોઇએ.) જો એમજ છે, તો મારે કબુલ છે.

(પીરોજશા પોતાના બાપની રજા લેવા જાય છે.)

પીરોજશા—મુરબીજી બાવાજી, તમોને ખબર તો છેજ કે શીરીન નામની એક સ્ત્રી આજ બે વરસ થયાં આપણે ત્યાં રહી છે, જેની ચાલચલણુ આપણાં ઘરનાં સઘળાં માણસને પસંદ પડી છે, જેથી મેં તેણીની સાથે પરણવાનું નક્કી કીધું છે, માટે જો તમો મુરબીજી રજા આપોતો એને મારી મોહોરદાર બનાવું

કંત્રાકટર—પ્યારા પીરોજ, એ તું શું બોલેચ તેનો તો જરા વીચાર કર, કે એ તારે લાયકની છે? કોઇ સારાં ખાનદાનની છોકરી સાથે હું તને પરણાવું, એની ઉપરથી તું હાથ ઉઠાવ.

પીરોજશા—તમારે જોઇયે તે કરો, પણુ હું તો એનીજ સાથે પરણુવાનો. તમારે જાઇયે તો ઘરમાંથી કહાડી મેલો અને જોઇયે તે કરો.

બાપ—(વીચારમાં પડયો) ઠીક છે, જ્યારે તારોજ વીચાર એની સાથે લગન કરવાનો છે, તો બેલાશક; પણુ તુંને તો બેરીસ્ટરની પરીક્ષા આપવી છે, તે પર પાણી ફરશે કે કેમ?

પીરોજશા—બાવાજી, હમણાં તો એની સાથે ફ્કત નામ પાડો. હું પાસ થઇ આવું પછી હમારાં લગન કરવાં, પણ આજથી એને નોકર દાખલ નહી પણ તમારી વહુ દાખલ ગણજો.

બાપ—મારે કબુલ છે, પણ તારી માયને જઇને સમજાવજે, કે એની ઉપર રહેમ નજર રાખે.

(છોકરો પોતાની માતા આગલ જાય છે.)

પીરોજશા—માયજી, આજથી આપણી શીરીનને મારી મોહોરદાર બનાવી છે, માટે તમો તેણીને તમારી વહુ દાખલ ગણજો, અને એની સારી બરદાસ્ત લેજો.

માય—એ શું બકેચ પોરીઆ? તારો બાપ જાણશે તો મને ને તુંને બેહુને ફાંસીએ ચહડાવશે.

પીરોજશા—માયજી, પહેલે બાવાજીને સમજાવીને તેવણની રજા લેઈ તમારી આગલ આવ્યો છું.

માય—'માંદ લાગા'! ત્યારે એમ પહેલીથીજ કાંય નથી ભાંસતો, નકાંમી મને બહેકાવી. એની ચાલચલણ ઘરનાં સઘળાંને પસંદ છે, અને જ્યારે તુંને પસંદ છે એટલે સર્વેને છે; પણ તારૂં શીખવાનું કેમ?

પીરોજશા—માય, હું તો આવતા મેલમાં વિલાયત જનાર છું, હાલમાં મારી ઉમર માત્ર અધાર વરસની છે, અને શીરીનની તેર વરસની છે હું પાસ થઇને આવશ તે. પછી મુરબ્બીજી બાવાજીએ લગન કરવા કહયાં છે.

હવે શાવકનું શું થયું તે જોઇએ. શાવક જેવો ઘરમાંથી નાઠો કે ત્યાંના એક સખી ગ્રહસ્થ આગલ જઈને સવાલ કરે છે:—

શાવક—શેઠ સાહેબ, મારૂં આએ ગામમાં કોઈ સગું કે વાહાલું નથી, હું માત્ર એક મારી માસીની સાથે પાસેનાં ગામમાં રહેતો હતો, પણ તેણી તો મરણ પામી છે, અને જે કાંઇ હતું તે વેચીને ખાધું છે, પણ હવે મારી પાસે કાંઈ નથી, અને ચાલતો તમારી તરફ આવ્યો છું, અને તમો શેઠની તારીફ સમજી તમોને નમનતાઇ સાથે અરજ કરૂં છું કે મારો વાળી કોઇ નથી, એક ઈશ્વર શીવાય (આંગળી ઉપર તાંકીને) માટે તમો શેઠ કાંઇ કરશો તો ઠીક.

સખી શેઠ—(દયા આવ્યાથી) કેમ, છોકરા, તને શું જોઇએચ ?

શાવક—મને ફકત મુંબઇ મોકલી આપો શેઠ.

સખી શેઠ—બીજું કાંઇ, (શેઠ મેહેરબાંન થઇ પુછે છે) તને શીખવાની ઉલટ છે કે ?

શાવક—મેહેરબાંન શેઠ, જો તમો શીખવો તો હું ઘણોજ આતુરમંદ છું. આવી શાવકની ઉલટ અને ચાલાકી જોઈ શેઠે તેને મુંબઇ ખાતેની બોરડીંગ સ્કુલમાં મોકલી આપ્યો અને તેનો દરમાયો પોતે પહોંચતો કરવા લાગા. શાવક ચાલાક હોવાથી પોતાની પંદર વરસની વયે એક પુરવીણ નર થયો અને કાયદાનો અભ્યાસ કરવા લાગો.

શાવકની ચંચલાઇ જોઈ શેઠે તેને પોતાના ખરચે બેરીસ્ટર થવા વિલાયત મોકલ્યો. જ્યારે વિલાયત ગયો ત્યારે તેની ઉમર સત્તરની હતી, જેથી તેણે વીસ વરસની ઉમરે બેરીસ્ટરની પરીક્ષા આપી. શેઠે શાવકને વિલાયતમાં એક જાણીતા મીત્રને ત્યાં ઉતારો આપવા સારૂ લખ્યું હતું, કે તે વેળા તેને સ્ટીમર ઉપર લેવા આવે.

હવે બનાવ એવો બન્યો કે, શીરીનનો વર પીરોજશાબી તેજ સ્ટીમરમાં જવાનો હતો, અને કંત્રાકટરનેબી તેજ યુરોપયન ગ્રહસ્થ સાથે દોસ્તી હતી, જેથી બંને છોકરા એકજ ધણીને ત્યાં રહયા.

શાવક શેઠની રજા લેઇ સ્ટીમર સતલજ ઉપર ગયો, જ્યાં શેઠ પણ તેને મેલવા માટે ગયા હતા અને કપતાન સાથે બરોબર બંદોબસ્ત કીધો હતો. શાવક ઘણો ચાલાક હોવાથી કપતાનને તે બહુ પસંદ પડયો અને પોતાની આગલજ રાખી તેને "નૌકા" નું સઘળું કામ શીખાડવા લાગો.

પીરોજશા પોતાના બાપ તથા માય અને ઘરનાં સઘળાંને મલી ભેટીને સ્ટીમર સતલજમાં સવાર થયો. તેનોબી બાપ તેને મુકવા આવ્યો હતો. સેવટે સૌ સાથે સાહેબ સલામ થઈ અને સ્ટીમરે લંગર ઊંચકયું, જેથી સરવે કોઇ પોતાની બોટમાં બેસી ચાલ્યાં.

હવે પીરોજશાના ઘર તરફ જોશું તો શીરીન પોતાના ખાવીંદના ગયા પછી વીચારમાં હતી. એક તો ખોદાના શુકરાનાં કરી પોતાનાં નસીબ ઉપર આધાર રાખી બેસતી. હવે તેણી તે ઘરમાં એક વહુ દાખલ થઇછે. તેજ પ્રમાણે તેણી પોતાના ખાવીંદનાં માતાને સાસુજીના એલકાબથી બોલાવતી, પણ પીરોજશાનાં માયે જોયું કે હવે જ્યારે હું સાસુ બની છું, ત્યારે સાસુ દાખલ થોડો ઘણો દોર ચલાવવો જોઈયે, એવી રીતે દીલથી વીચાર કરે છે. જો કાંઇબી કામસર શીરીન પુછવા આવે તો તેનો જબાબ તુરત નહી આપતી, અને સાસુ દાખલ ડોલ ઘાલી તેનો ઉત્તર તે ઘણે વારે કલેજું પાકવીને આપતી.

(શીરીન દીલથી વીચાર કરે છે કે એવી વખત નીકળી જશે.)

શીરીનની ઉમર હાલમાં તેરની છે અને પોતાની જુવાનીમાં આવી છે. તે ઘડી ઘડી પોતાના ભાઇને યાદ કરતી, અને ઇશ્વર ઉપર દોઆ ગુજારતી, કે "મારા પ્યારા ભાઇને જ્યાં હોય ત્યાં સુખી રાખજે."

સ્ટીમર સતલજમાં પીરોજશાહ અને શાવકશાહ કાયદાનો અભ્યાસ કરવા ઈંગ્લંડ ગયા, ત્યાં તેઓ બંનેએ એકજ ઠેકાણે ઉતારો લીધો હતો. જે ઘરમાં તેઓએ ઉતારો લીધો હતો, તે ધણી ઘણોજ માયાળુ ગ્રહસ્થ હતો, જેથી તે બંને છોકરાઓની માવજત અચ્છી રીતે કરતો; શીખવામાં બેહુ એકમેકને ભુલાવે તેવા હતા, પણ સરસાઇમાં શાવક કોઈ વખત ફાવી નીકળતો. આવી ચંચલાઇ જોઈ તે સદગ્રહસ્થે વીચાર કીધો કે એ લોક પોતાની પરીક્ષા પેહેલીજ વખતે ફતેહમંદી સાથે પસાર કરશે. લગભગ ત્રણ વરસ પુરાં થવા આવ્યાં અને બેરીસ્ટરની પરીક્ષામાં તેઓ બંનેએ ઉમેદવારી કીધી, જેમાં તેઓ બંને પેહેલીજ વખતે પસાર થયા અને તેમનાં નામ 'લંડન ટાઈમસમાં' પ્રગટ થયાં, જે ઉપરથી અત્રેનાં ટાઇમસ અને ગેઝેટમાં આવ્યાં. એ વતરોગે બીજા વર્તમાન પત્રમાં તેમનાં નામો જોવામાં આવતાં હતાં.

કંત્રાકટરને ત્યાં "કયસરે હિન્દ" જે અઠવાડીક પત્ર છે તે આવતું હતું, તેમાં "ઇંગલંડમાં બેરીસ્ટરની પરીક્ષામાં પસાર થયલા વીધાર્થીઓનાં નામની ટીપ" એવું મથાળું જ્યારે શીરીને વાંચ્યું, એટલે હરખભેર પોતાના પ્રીય ભાવીંદનું તેમાં નામ છે કે નહી તે જોવાને તે એકદમ અધીરી પડી ગઈ. જલદી જલદી તે નામો તેણી વાંચી

ગઈ, તેમાં પોતાના ભાઈનું નામબી વાંચી ગઇ, પણ કાંઇ ધ્યાન નહી રહ્યું; અને પોતાના પતીનું નામ જોવા લાગી. જ્યારે ફરીથી એક વખતે બરોબર ચીપીને વાંચ્યું, ત્યારે પોતાના ભાઈ શાવકનું નામબી જોવામાં આવ્યું, તે વખતે તેણીની ખુશાલીનો શું પાર, તે વાંચનારની મુનસફી ઉપર રાખ્યે છે.

શીરીન વાંચે છે:—"શાવકશાહ હોસંગજી કેશીયર અને પીરોજશાહ કાવસજી કંત્રાકટર એ બંને પારસી જવાનોએ ઇંગલંડ ખાતેની બેરીસ્ટરની પરીક્ષામાં ઘણોજ અચ્છો દેખાવ દીધો છે, અને તેથી લંડનનાં સરવે પેપરો તેમને માટે ઘણાં સારાં મતો બાંધવા લાગાં છે, જેથી અત્રે તેઓ જાણીતા બેરીસ્ટર થઇ ગયા."

જ્યારે શાવક અને પીરોજશા પોતાની ઉમેદમાં ફતેહમંદ નીવડયા ત્યારે પોતાના પીતા ઉપર પીરોજશાએ ખુશાલીનો પત્ર લખ્યો; અને શાવકે પણ મુબારકબાદીમાં પોતાના સખી શેઠને એક પત્ર લખ્યો, જેમાં તે બંનેએ જણાવ્યું વતું કે હમો બીજો મેલ 'થેમસ' જે ઇંગલંડથી તા૦ ૧ લીએ ઉપડનાર છે, તેમાં તમારી તરફ રવાના થનાર છીએ.

પીરોજશા અને શાવકે જે ગ્રહસ્થને ત્યાં ઉતારો લીધો હતો તેનો ડીનર ઉપર તેઓએ ઉપકાર માની તેની સ્તુતી ગાઈ હતી, જેથી તે ગ્રહસ્થે તેઓના ઉતરમાં, તેઓ પોતે પોતાના ધંધામાં ફતેહમંદ નીવડે એવી દુઆ ગુજારી હતી. થેંકસ અને હુરરેના પોકરો સાથે ખાણું લીધું હતું. સરવે ખલાસ થવા બાદ ચાર કલાક અગાઉ તેઓએ સ્ટીમર ઉપર પોતાની કેબીનો તપાસી જોઈ, જ્યાં

તે યુરોપ્યન ગ્રહસ્થજી તેઓને આવકાર દેવા માટે ગયો હતો. શેવટે સ્ટીમર "થેમસે" લંગર ઉચક્યું અને સરવે એક બીજાને શેકહેન્ડ કરી એક બીજાથી છુટા પડયા, અને હુરરેના પોકારોથીવધાવી લીધા.

શીરીન પોતાના પતીને મલવા જેટલી ખુશી દેખાતી હતી, તેટલોજ પીરોજશાના મનમાં પણ તેવોજ વીચાર હતો. શીરીન પોતાના ભાઈ શાવક માટે એકદમ ખુશાલીમાં આવી ગઇ હતી, જેથી હસતી વખતે તેણીની આંખોમાંથી ખુશીના આંસુઓ પડતાં હતાં, પણ તેણીએ આટલો વખત કોઇનેબી ઘરમાં જાહેર કીધું ન હતું.

હવે શાવક અને શીરીનના બાપ તરફ જોઈએ. જ્યારે હોસંગજીની મુંબઇથી અજમેર ખાતે બદલી કરવામાં આવી હતી, ત્યારે તેની અજમેર ખાતેનાં ઓડીટ ખાતાંમાં એક મોટા કેશીયર તરીકેની નેમણુક થઈ હતી. કેટલાંક વરસો સારી હાલતમાં કહાડયાં, પણ પછવાડેથી જ્યારે ઓડીટર 'કયાશ' તપાસવા આવ્યો, તે તપાસતાં હીસાબમાં ગોટાળો માલમ પડયો, જેથી હોસંગજીની ઉપર ફોજદારી કામ ચલાવવાનું નક્કી ઠરયું, અને હોસંગજીને તેજ વખતે ઓડીટરે પોલીસને સ્વાધીન કર્યો હતો.

હોસંગજી મનથી વીચાર કરે છે:—"હવે મારો વખત બરગસતે આવ્યો છે, અને મારી આગળ પાછળ કોઇ નથી. મારી મુર્ખાઇથી બંને બચ્ચાંઓનેબી મેં હાંકી કહાડયાં, જો તે આવી વખતે હતે તો મારો કેટલો બચાવ થતે." એવા વીચારમાંને વીચારમાં બીચારાએ એકદમ બુમ પાડી "ઓ શાવક અને શીરીન તમો ક્યાં છો!" જ્યાં હોવ ત્યાં સુખી રહેજો, હું કમબખત! મને કાંઈ સુઝ નહીં

પડયું અને તમોને હાંકી કહાડયાં! અરે! હવે હું અહીં એકલો છું અને ઘેર આગળ કહેવડાવ્યું તેનો પાછો જવાબબી કાંઇ મળે નહી, મારો જામીન થનાર અત્રે કોઈ નથી કે જામીન ઉપર છૂટું.

આણીગમ ઘરમાં નાતરેની ઓરતને જેવી ખબર પડી કે પોતાના પતી હોસંગજીને કેદ પકડયો છે, તેવીજ તેણે સઘળું ઊંચું નીચું કરી ગાંસડા પોટલા બાંધીને બેનની મારફતે સઘળું પોતાના પીયર મોકલી દીધું; એક તો બીચારા હોસંગજીને દુઃખપર ડામ દેવા જેવું તેણીએ કીધું. જ્યારે જોયું કે ઘેર આગળથી કાંઇ પણ સમાચાર પાછા ન ફરયા, કે હાય મારી પોતાની આગળી પરણી બાયડીને યાદ કરવા લાગો, અને બચ્ચાં વગર તે એક દીવાના માણસ માફક બની ગયો. તે વખતે જો કોઈ પણ તેની હાલત જોય તો દયા લાવ્યા વગર રહે નહી, તેવે સમય ધીરજ રાખી ઇશ્વરનું નામ યાદ કરી, તે કીરતાર પાસે પોતાનાં પાપનો પશ્ચાતાપ કરવા લાગો, અને ફોકે ફોક મુકી રડવા લાગો.

પીરોજશાએ મુંબઇનાં બારાંમાં તા૦ ૧૮ મીએ પગ મુકયો ત્યારે પીરોજશાની ઉમર ૨૧) ની હતી અને શીરીનની ઉમર ૧૬ ની હતી; તેઓ બંને ભર જુવાનીમાં હતાં. જ્યારે પીરોજશા ને શીરીન એક બીજાંને મલ્યાં, ત્યારે ઘણાંજ હેતથી ભેટયાં અને આટલા વખતની જુદાઇ વીશે વાતો કરવા બેઠાં. પછી પોતાના ભાઈ શાવક વીશે પુછયું, ત્યારે—

પીરોજશા—શું, શાવક તમારો ભાઈ થાય છે? અરે! તે અને હું બંને એકજ ઘેરમાં અને એકજ વખતે પાસ થયા હતા. અમો સાથે એકજ સ્ટીમર ઉપર સવાર થયા

હતા, પણ તેવણુને 'સ્વેઝ કેનાલમાં' તાર મળ્યો કે તમારે જરૂર બેજરૂર એડન ખાતે ઉતરી ત્યાંની પહેડી ખાતેના ચોપડાઓ તપાસવા, કારણ કે ગોટાળા ઘણા થયા છે, માટે તે નક્કી કરી તમારે આવવું, જેથી તે એડન ઉતર્યો છે; અને પછી તે કયારે આવશે તેની મને ખબર નથી.

કંત્રાકટર— (પોતાનાં ધણીઆણી તરફ જોઇને) હવે આપણો પીરોજશા પોતાની ઉમરમાં આવ્યો છે, માટે એનાં લગન શીરીન સાથે જરૂર કરી આપવાં જોઈયે.

કુવરબાઇ કંત્રાકટરનાં ધણીઆણી—(પોતાના પતી તરફ જોઈને) તમો જે કહો છે તેને હું માન આપી કહું છું જે તેમ થવું જોઇયે, કારણ કે બેહુ જણાં પોતાની પુરતી જુવાનીમાં છે, માટે હવે ધીલ કરવી નહી જોઈયે.

કંત્રાકટર--ત્યારે હવે એક શુભ દીવસ નક્કી કરો, તે દીવસે એ લોકનાં લગન કરયે.

કુવરબાએ – શહરેવર રોજ નક્કી ઠર્યો છે. (બ્રાહ્મણ પાસે તપકો દેખાડીને)

કંત્રાકટર—(પોતાના છોકરાને તથા શીરીનને બોલાવીને કહે છે) જુઓ, તમો એક બીજાંથી રાજી હોવાથી તમારાં લગન શેહરેવર રોજે નક્કી છે, માટે તમારે કાંઇ કહેવું છે?

પીરોજશા અને શીરીન બંને એક્કે અવાજે બોલ્યાં, "અમો બેઉ ખુશી છાયે."

મુકરર કીધેલા દીવસે આલબલેસ બાગમાં લગન થયાં, પણ કાવસજી એક મોટા કંત્રાકટર હોવાથી પોતાની આબરૂ માફક ગામનાં ઘણાંક નોતરાં હોવાથી મહીમા

ઘણો સારો લાગતો હતો, અને સાજન રંગબેરંગી પોશાકથી દીપી નીકલ્યું હતું. ફુલ પાન લેવાયા બાદ સાજન વીસરજન થયુ હતું. સઘળું ખલાસ થવા બાદ "વરરાજા" પોતાને મકાને ગયાં.

હોસંગજી ઉપર અજમેરની કોરટમાં કામ ચાલતું હતું અને કેસ ઘડાઇ તૈયાર થયો. વાંધા ઘણા ઉઠયા. સેવટે ત્યાંની કોરટના જડજે અત્રેની હાઇ કોરટમાં કેસ મોકળાવ્યો હતો, અને તે તા૦ ૨૭ મીએ નીકળવાનો હતો.

હવે શાવક પોતાના શેઠનું એડન ખાતેનું કામ પુરું કરયા બાદ પી. અને ઓ. કમપનીની મેલ સ્ટીમર "કયસરે હિન્દ" માં તા૦ ૨૫ મીએ મુંબઈ આવી પુગો.

શાવકે કોરટમાં હાજર થઈ તા૦ ૨૬ મીએ પોતાનો બેરીસ્ટર દાખલ ધંધો ચલાવવા માટે અત્રેની કોરટમાં સપત લીધા.

બીજે દીવસે તેને બી. બી. અને સી. આઇ. રેલવે તરફથી અજમેરના કેસ માટે રોકવામાં આવ્યો હતો. જ્યારે તા૦ ૨૭ મીએ, અજમેરની કોરટથી નહી ચુકેલો કેસ અત્રેની હાઈ કોરટમાં નીકળ્યો, ત્યારે હોસગજીને બારમા લાવવાનો હુકમ થયો. જ્યારે હોસંગજી બારમાં આવ્યા, ત્યારે શાવકની અજાયબીનો શો પાર, તે વાંચનારને સોંપ્યેચ. જો કે તે પોતાના બાપને ઓળખતો હતો અને હોસંગજી શાવકને ઓળખી શકતા ન હતા, કારણ કે તે નાનપણથીજ ઘર તજી ગયો હતો. હવે હોસંગજીએ પોતાના બચાવ માટે કંત્રાકટરના છોકરા મી૦ પીરોજશા બેરીસ્ટરને પોતાના ધારાના હીમાયતી તરીકે રોકયો હતો.

(બારમાં હોસંગજી ઉભા છે.)

જડજ—(હોસંગજીને) જે તોહોમત કંપનીએ તમારી ઉપર મેલ્યું છે તે વાજબી છે કે નહી?

હોસંગજી—નહી સાહેબ.

કું. એ. શાવક—જ્યારે ઓડીટરે તમારા ચોપડા તપાસયા, ત્યારે જે રૂ ૮૦,૦૦૦ ની મોટી ભુલ તમારા ચોપડામાંથી મળી આવી છે, તે નાણું તમો પચાવી ગયા છો એવું તહોમત કમપનીએ તમારી ઉપર મુકીને કેસ ચલાવે છે, તેની સામે તમારે કાંઇ કહેવું છે?

હોસંગજી—(પીરોજશા તરફ આંગળી બતાવીને) મારો બેરીસ્ટર મારી તરફથી લડશે.

એ શાવક—(હોસંગજીના બેરીસ્ટર મી૦ પીરોજશાને) તમારાં કુલ ઉપર કમપની જે ચારજ નાણું ઉચાપત કરવાનો મુકે છે, તેને વીશે તમારે તમારાં કુળ તરફથી કાંઇ બોલવું છે?

એ. પીરોજશા—મારૂં કુળ કહે છે, જે તેની ઉપર તદન ખોટું તહોમત મુકવામાં આવ્યું છે. તેણે કાંઈ નાણું ઊચાપત કીધાં નથી અને જે કેસ તેની ઉપર ઓડીટરે ધડી કહાડયે છે તે તદન ગેરવાજબી. છે.

એ. શાવક—ત્યારે રૂ ૮૦,૦૦૦ ની જે ભુલ ઓડીટર બતાવે છે તે શું ખોટી છે?

એ. પીરોજશા- મારૂં કુળ કહે છે જે કદાચ કલારકોની કાંઇ ભુલ થઇ હશે, અને તેથી સરવાલામાં ગોટાળો દીસે છે, જેથી ઓડીટરે એકદમ ચોંકી “ઓલ કનસરન” નો ટેલીગ્રામ કરી મને કેદ કીધો છે; માટે મારી જડજ સાહેબને એટલીજ અરજ છે કે હીસાબો ફરીથી તપાસવા.

જડજ—ઠીક છે, કુંપનીના બેરીસટર શાવકને પોતાના ચોપડા ફ્રીથી તપાસવા ભલામણ કરૂં છું, અને જામીન ઉપર હોસંગજીને છોડું છું. (કેસ બીજા મહીનાની તા૦ ૧૫ મી ઉપર મુલતવી રાખ્યો.)

હવે બનાવ એવો બન્યો કે પીરોજશા પોતાને ઘેર શાવકને તેડી ગયો અને ત્યાં રહેવા ફરમાવ્યું; શાવકે જવાને કબુલ કીધું.

(શાવક અને પીરોજશા ઘેર જાય છે.)

શીરીન—ઓ ભાઇ શાવક કે !! હું બંધી મરી જાઊં તારી ઉપરથી, તું કેમ છે ! તારી ખબર કેવી ? (અને ગળે વલગી પડી, જેથી હરખનાં આસું આવવા લાગાં.) આવી વખતે શીરીનની અજાએબીનો શો પાર તે વાંચનારે વીચારવું.

શાવક—બેન, તારી આગળથી ગયા પછી ખોદાની બક્ષેશથી સારી પેઠે છેઊં.

(બધી વીતલી વાત કરે છે.)

શીરીન પોતા ઉપર ગુજરેલી સઘળી બીના જાહેર કરે છે; એકમેક રડે છે એને પોતાના બાપને યાદ કરે છે. (તેવામાં—

શાવક—બેન શીરીન, જે કેસ કુંપની તરફથી મારા હાથમાં છે, તે તો આપણા મુરબીજી બાવા ઉપર તહોમત મેલાયલું છે, માટે મને બહુ ધાસતી લાગે છે જે રખેને એ કેસ ખરો ઠરે, જેથી બાવાને સેનટન્સ મળશે તો આપણને માઠું લાગશે.

શીરીન—બાવા તરફથી બેરીસ્ટર કોણ છે ?

શાવક—(પીરોજશા તરફ આંગળી બતાવીને) આએ મારો મિત્ર મી૦ પીરોજશા છે.

શીરીન—શું એવણુ છે?

શાવક—હા.

શરીન—ત્યારે તો હું એવણુને સમજાવીશ અને તમો બાઈબી કાંઈ વધારે તકરાર લેશો નહી.

(શીરીન પોતાના ખાવીંદને સમજાવવા જાય છે.)

તા૦ ૧૫ મી એ કેસ પાછો શરૂ થયો તે વખતે ધારાના હીમાયતીઓ હાજર હતા.

(જડજ હોસંગજીને બારમાં લાવવા હુકમ
કરે છે. હોસંગજી બારમાં ઉભા છે.)

જડજ—(કુંપનીના બારીસ્ટરને) તમોએ તમારા ચોપડા તપાસ્યા કે?

બે. શાવક—કંપનીએ ચોપડા તપાસ્યા છે, જેમાં થોડી ઘણી ભૂલ નીકલે છે.

જડજ—થોડી ઘણી ભૂલ એટળે શું, તે મને સમજ નથી પડતી, માટે ખુલ્લે ખુલ્લું બોલો જે કેટલી ભુલ છે.

બે શાવક—નકી નથી થયું સાહેબ.

બે. પીરોજશા—(જડજને) ત્યારે વગર ફોકટનો મારાં કુલ ઉપર જે આરોપ મેલાયો છે તે ખોટો છે.

જડજ—મારા ધ્યાનમાં પણ એમ લાગે છે કે કંપનીના હીસાબમાં ગુચવાડા ઘણા છે.

બે. શાવક—ઓડીટર રીપોરટ કરે છે જે સપટેમબર મહીનાની તા૦ ૭ મીએ એક સાત હજારની રકમ ચોપડામાં દાખલ નથી કીધી.

એ. પીરોજશા—(જડજને) મારૂં કુલ કહે છે જે સપ-ટેમબર મહીનાની તા૦ ૧ લીથી હું એક માસની હકની રજા ઉપર ગયો હતો, તે દરમ્યાન જે ભુલ થઈ છે તેને મારાં કુલ સાથે લાગતું વલગતું નથી, માટે જડજ સાહેબને ભલામણ કરૂં છું કે એ કેસ ઉરાડી મુકવો.

જડજ—કોઇબી રીતે, હોસંગજીની ઉપર જે તોહમત મેલવામાં આવ્યું છે તે સાબેત થતું નથી, જેથી હું એ કેસનો સઘળો ખરચ કુંપનીને માથે નાખી ઉરાડી મેલું છું.

હવે હોસંગજી ઉપર જે વખતે કેસ મુંબઇની હાઇ કોરટમાં નીકળ્યો હતો, તે વખતે સઘળાં વરતમાન પત્રોમાં ચકચાર ચાલતી હોવાથી સઘળાં પીછાનવા-લાઓમાં ખબર પડી અને કેસ સમજવા સઘળા દોસતો આવતા હતા, અને બીચારા હોસંગજી ઉપર પ્રેમ-ભાવ બતાવતા હતા. મીત્રનાં દીલમાં વાત કરવી હતી, અને બચ્ચાંઓ વીશે ખબર પુછવી હતી.

મીત્ર—(હોસંગજીને) ભાઇ, આ શું ગજબ તમારી ઉપર!

હોસંગજી—ભાઈ નશીબની વાત. લખ્યા લેખ મીટતા નથી.

મીત્ર—શાવક અને શીરીન કેમ છે?

હોસંગજી—(આંખમાં પાણી લાવી) શું કહું ભાઇ, મારાં નસીબ ફુટેલાં જે મેં મારાં બચ્ચાંઓને તજી દીધાં છે.

મીત્ર—તેઓ ક્યાં છે, અને તમે તેમને શા માટે તજી દીધાં?

હોસંગજી—ભાઈ, રાંડના મારયા ફોક મુકે, તેમ મેં મારી નવી સ્ત્રીની વાત ઉપર ધ્યાન આપી, તે બીચારાં ગરીબ (રડી પડે છે) બચ્ચાંઓ ઉપર અતીશ્ય જુલમ

ગુજારી સેવટે લાત મારી ઘરમાંથી કહાડી મેલ્યાં છે, અને તે લોકનું શું થયું છે તેની મને ખબર નથી, જેથી હું આવાં સંકટમાં આવી પડયો છું. ઓ પરવરદેગાર! મારાં બચ્ચાં જ્યાં હોય ત્યાં તેમને સુખી રાખજે, હું એટલુંજ માંગું છું.

મીત્ર—તમારી સ્ત્રી કેમ છે?

હોસંગજી—શેઠ, તેવણ તો જે વખતે મારી ઉપર ધરપકડ થઈ તે વખતે સઘળું ઉચાપત કરીને પોતાને મકાને ગયાં છે, અને મારી આવી સ્થીતી છે.

જેવો કેસ હોસંગજી જીત્યા કે પોતાના બેરીસ્ટરને પારટી આપવા એક જાણીતાં હોટેલમાં લઈ ગયા, જ્યાં મી૦ શાવક બેરીસ્ટરને પણ પીરોજશાએ સાથે લીધો હતો અને હોસંગજી પોતાના મીત્રને સાથે લેઇ રીફ્રેશમેંટ લેવા ગયા, જ્યાં એકમેક સાથે પીછાંણ થઇ.

શાવક પોતાના બાપને કોટી કરી ગળે વલગી પડીને રડે છે, તથા જે આફ્તત આવી પડી હતી અને તેમાંથી મુક્ત થયા હતા તે વીશે હજારો હજાર શુકરાના તે પરવરદેગારના કરે છે. અંહી મીત્ર પણ બેટે છે અને છોકરાની ચાલાકી જોઈ આફરીન કરે છે. રીફ્રેશમેંટ લેવાયા બાદ બેરીસ્ટર પીરોજશા સરવેને પોતાના ઘેર લઈ જાય છે, જ્યાં શીરીન પોતાના બાપને જોઇ એકદમ ખુશાલીમાં બોલી:—

શીરીન—ઓ! બાવાજી તમે છો કે!!

હોસંગજી—(જરા શરમાઈને) હા દીકરી શીરીન.

શીરીન—તમો સારીપેઠે તો છેઓની, અને મત્રાઈ કેમ છે?

હોસંગજી—સૌ સારીપેઠે છે.

હવે વાંચનારે વીચારવું કે શાવકને જે સખી શેઠને ત્યાંથી મદદ મળી હતી, તે શેઠને એકબી પુત્ર ન હતો, અને મોટો વારસો શાવકને સ્વાધીન થયો હતો.

હવે બેરીસ્ટર પીરોજશાની એક બેહેન પરીચેહેર નામની હતી, જેથી પીરોજશાએ શાવકને પોતાની બેહેન સાથે પરણવા માટે માંગણી કરી હતી અને શાવકે તે માંગણી કબુલ કીધી. પરીચેહેરની ઉમર તે વખતે ૧૫ વરસની હતી અને શાવકની ઉમર લગભગ ૨૧ ની થઈ હતી, જેથી બેઉએ રાજીખુશીથી એકમેકને હાથ આપ્યો, અને જ્યારે શીરીનની સાસુએ જોયું કે પોતાની છોકરી પરીચેહેર શાવકને (શીરીનના ભાઇને) હાથ ગઈ છે, તેથી તે વખતથી સાસુએ પોતાની વહુ ઉપરનો દોર ઓછો કીધો.

(અત્રે સરવે સાથે મળે છે.)

હોસંગજી, મતરાઇ, શાવક, શીરીન, મીત્ર, મીત્રનાં ધણીઆણી, પડોશણ જરબાઈ, શાવકની બૈરી પરીચેહેર, શીરીનનો ભરથાર પીરોજશા, તેનાં માબાપ વતરોગે સરવે ભેગાં મલે છે. તે વખતે બાપે પોતાનાં પાપનો પશ્ચાતાપ કર્યો અને નીચે પ્રમાણે બોલ્યો:—"મારાં પ્યારાં ફરજંદો, જે દહાડેથી મેં તમોને તજ્યાં છે તે દહાડેથી તે આજદીન સુધી મેં એકબી દીવસ સુખમાં કહાડયો નથી અને હજારો વીધન મારી ઉપર વિતી ગયાં છે, અને ખોદાની બક્ષેસથી આજે આપણે સાથે ભેગાં થયાં છીયે, તે માટે હું કીરતારનો ઉપકાર માનું છું અને સરવેને આગ્રહ કરૂં છું કે કોઈબી પુરૂષે પોતાની સ્ત્રીના કહેવા ઉપર બીલકુલ ચાલવું નહી, પેહેલે પુરતો વીચાર કરી આગળ પગલું ભરવું. જો એવો વીચાર મેં આગ-

બથી ક્યોં હતે તો મારી ઉપર આવું સંકટ કદીબી આવતે નહી." (કોટી કરી માફ માગે છે.) તેવામાં મતરાઇ:—"મારાં બચ્ચાંઓ, મેં તમો ઉપર જે કાંઇ જુલમ ગુજાર્યો છે તે વીશે હું માફ માંગુછું કારણકે મેં મારી બેનના બોલવા ઉપર વીચાર લઈ જઈ, મતરાઈ દાખલ દોર કીધો છે અને જે જે વીપતીઓ તમોને વેઠવી પડી છે તે સર્વે મારે ખાતર થયું છે, માટે તમો મને માફ કરશો એવી તમો પાસે હું અરજ કરૂંછું અને મારાં પાપની હું તે ઈશ્વર પાસે ક્ષમા માંગુ છું, માટે પ્યારાં બચ્ચાંઓ, તમો એકે અવાજે બોલો કે માફ છે." છોકરાંઓ નમીને કહે છે કે "હમારાં નશીબમાં બનવાનું હતું તે બન્યું છે, માટે અમો તમોને દોષ દેતાં નથી; તે કીરતાર તમારાં સઘળાં પાપની તમોને માફી બક્ષે."

બાપ અને મા નીચે મોઢે માફ માંગે છે, તેને છોકરાંઓ નમે છે અને સર્વેને અરજ કરે છે કે ચાલતા વખતમાં પોતે શંભાળીને ચાલવું, માટે તમો જો કોઇ ઠેકાણે તેવો ઓધ્ધો ધરાવતાં હોવો તો સંભાળજો અને તમારા પતીને ઉલટું સુલટું કબીદી સમજાવતાં ના, નહી તો કે સેવટે તમોને જે કેસ ઉપલા બનાવમાં બન્યો હતો, તેના જેવું રખેને વેઠવું પડે? માટે બેહેનો તથા ભાઈઓ સર્વેને એક સરખી રીતે કહુંછું કે તમોએ તમારી ખોડ સુધારવી એ ખરો ધર્મ છે.

શાવકે પોતાનાં બાપ માને પોતાની સાથે રાખ્યાં અને હોસંગજીએ કંપની ઉપર રાજીનામું મોકલી આપ્યું. સર્વે સાથે હલીમલીને બાકી રહેલી જીંદગી ખુશીમાં ગુજારી.

સમાપ્ત.

આગલથી ગ્રહાક થનારાવોના નામ.

ઓનરેબલ શેઠ શોરાબજી શાપુરજી બંગાલી સી.આઈ.ઈ.	૩૦
શેઠ રૂશતમજી ડોશાભાઇ શેઠના	૨૫
માહારાવળ શ્રી મોતીશીંગજી...	૨૦
ઓનરેબલ સર દીનશા માણેકજી પીટીટ બારોનેટ ...	૨૦
શેઠ દારાશાહા ડોશાભાઇ શીતીમેજીસ્ટ્રેટ. ...	૧૦
શેઠ દીનશાજી નવરોજી બોડ...	૮
શા. ત્રીભોવણદાશ લલુભાઇ...	૫
શેઠ ખરશેદજી ડોશાભાઇ માસ્તર	૫
,, ખરશેદજી નસરવાનજી સીરવાઇ	૪
,, રૂપશીંગ મથુરાદાશ લવજી...	૪
હી. હા. મહારાણા શ્રી બલદેવજી	૪
શેઠ જેહાંગીરજી કાવસજી દલાલ	૪
,, જીવણજી બમનજી ચરીવાલા	૪
ખા. બા. હોરમશજી આદરજી પટેલ	૪
ખા. શા દીનશા જમશેદજી દીવાન	૪
શેઠ બેહરાંમજી નશરવાનજી મરચંટ	૪
,, બેજનજી મેરવાનજી	૪
,, પીરોશા દાદાભાઇ પટેલ	૪
,, કાવસજી પેસતનજી ખજોતીઆ	૪
,, રૂશતમજી ફ્રામજી કંટ્રાકટર	૪
જનાબે અલી બાહાવદીનભાઈ દીવહાશમભાઇ ...	૪
શેઠ ખરશેદજી નવરોજી બેલીફ	૩
,, ફ્રામજી દીનશાજી પીટીટ	૨
,, જેહાંગીર ફ્રામજી લાલી વેટરીનરી સરજ્યન...	૨
ખા. બા. એદલજી ડોશાભાઈ...	૨
શેઠ રતનજી રૂશતમજી કાંગા.	૨
ખા. શા. ધનજીશાહ દાદાભાઈ મુનસફ ...	૨
શેઠ. ગુલાબદાશ ભાઇદાશ વકીલ	૨
હી હા. નવાબશાહેબ બહાદુર	૨
શેઠ. રૂશતમજી પેસતનજી મુશ	૨

ખા. શા. મેહેરજીભાઇ કુંવરજી તારાપોરવાલા	...	૨
શેઠ. નવરોજી માણેકજી ખોરી ...	...	૨
ખા. બા. ધનજીશાહા હોરમજી કડાકા...	...	૨
શેઠ જાંગીરજી એદલજી ત્રીજોરીવાલા...	...	૨
,, અરદેશર ફરામજી ઉનવાલા સોલીસીટર	...	૨
,, ઠાકોરદાશ ફકીરભાઈ દલાલ ...	...	૨
,, વીઠલદાશ વરજદાશ દલાલ ...	...	૨
,, રૂશતમજી ફરામજી વાડીયા ...	...	૨
,, ડાહ્યાભાઈ વલભદાશ વકીલ ...	...	૨
,, બેહેરામજી પદમજી ઓનરરીમેજીસ્ટ્રેટ	...	૨
રા. રા. લાલાજી હરીદાશ પ્રાઈવેટ સ્કેટરી	...	૨
ડાકટર ડોશાભાઈ પેસતનજી... ...	...	૨
શેઠ ડોશાભાઇ બરજોરજી રૂસતમજી મીસતરી	...	૨
,, હમદભાઇ હબીબભાઇ	...	૨
રા. શા. ગીરજાંસંકર ફુલસંકર ...	...	૨
શેઠ બમનજી અરદેશરજી દલાલ ...	...	૨
ખા. બા. બેહેરામજી ઝાંગીરજી રાજકોટવાલા	...	૨
કુમાર શ્રી મદારસીંગજી શાહેબ ...	...	૨
રા. શા. પુરષોતમરાય શુંદરજી ઝાલા ...	...	૨
રા. રા. દુરગાપ્રસાદ હરીપ્રસાદ ...	...	૨
બાઇ દીનબાઇ શાપુરજી કાતરક ...	...	૨
બાઇ પુતલીબાઈ અરદેશર પે. કામા ...	...	૨
બાઇ રતનબાઇ હોરમજજી શાપુરજી વકીલ	...	૨
,, રતનબાઇ દીનશા દાદાભાઈ નીકલશન	...	૧
મીશ મેહેરબાનું દીનશા દાદાભાઈ નીકલશન	...	૧
બાઇ ડોશીબાઇ પેસતનજી નવરોજી ભરૂચા	...	૧
,, આંવાંબાઇ ખરશેદજી લાલકાકા ...	...	૧
,, રતનબાઇ અરદેશર મલબારવાલાં ...	...	૧
મીશ. ગુલબાઇ ધનજીશાહા નગરવાલા...	...	૧
બાઈ પીરોજબાઈ ધનજીભાઈ ફરામજી પટેલ	...	૧
,, જરબાઈ ફરામજી જશાવાલા ...	...	૧
,, જીલુંબાઇ હોરમશજી મોડી ...	...	૧
,, શુનાબાઇ પીરોજશાહ કરાંણી ...	...	૧

મીશીશ હોરમશજી એન વકીલ ૧

બાઇ મેહેરબાઈ નવરોજી ૧

,, શીરીનબાઈ કાવસજી મેહેરવાનજી શેઠના ... ૧

મીશ દોલતબાઈ બરજોરજી એદલજી મોદી. ... ૧

મીશીશ રતનબાઇ શાપુરજી ભીખાજી પટેલ ... ૧

શેઠ હોરમજી એદલજી બોડ ૧

ડાકટર નસરવાનજી પાલનજી શેઠનાં ૧

શેઠ ગોવરધનદાશ ગોકલદાશ તેજપાલ... ... ૧

શેઠ બાપુજી નથુભાઇ ઓનરરીમેજસ્ટ્રેટ ... ૧

,, ગણુપતરામ માધવરામ બકસી ૧

,, મદનરાય મુગટરાય રાએજી ૧

,, વીકાજી મેહેરજીભાઈ ૧

,, અરદેશર દારબજી ૧

,, રતનજી પાલનજી યુરોપશોપકીપર ૧

,, માણેકજી હોરમજજી માજુ ૧

,, મનમોહનદાસ રામજી ૧

ડાકટર ફ્રરદુનજી બેહેરામજી શીરવઇ ૧

શેઠ જમશેદજી શાપુરજી ફોટોગરાફર ૧

,, કેકોબાદ મેહેરવાનજી ધમીર ૧

,, બેહેરામજી રૂશતમજી સંજાના ૧

,, રૂશતમજી ફ્રરામજી કનફેકશનર ૧

બા. શા. માણેકજી કાવસજી દોતીવાલા ... ૧

શેઠ દાદાભાઇ નસરવાનજી કનટ્રાકટર ૧

,, ભગુંભાઈ દાયાભાઈ વકીલ ૧

,, એદલજી નવરોજી પનીરવાલા ૧

સરજ્યન મેજર. કે. એ. દલાલ ૧

શેઠ ફ્રરદુનજી ભીમજીભાઈ ૧

,, રતનજી ભીમજીભાઈ પટેલ ૧

,, જીજીભાઇ નવરોજજી સુરતી ૧

રા. બા. અંબાલાલ શાકરલાલ દેશાઈ... ... ૧

શેઠ મનચેરજી ધનજીભાઇ દાવર ૧

,, એદલજી શાપુરજી ૧

,, નવરોજજી માણેકજી લાકડાંવાલા ૧

શેઠ નવરોજજી જીવાજી માણેકજી	...	...	૧
રા. રા. વકીલ જીવણલાલ ફુલચંદ	...	...	૧
રા શા. મહીપતરામ રૂપરામ	...	...	૧
શેઠ પીરોશા પેસતનજી રાંડેલીઆ	...	...	૧
,, કાવસજી પેસતનજી ભરૂચા	...	...	૧
ડાકટર શોરાબજી પાલનજી બામજી	...	...	૧
શેઠ ખરશેદજી હોરમજજી કરાકા	...	...	૧
,, શોરાબજી નસરવાનજી ગજદર	...	...	૧
,, નવરોજજી ખરશેદજી અરાજણીઆ	...	...	૧
,, રતનજી ડોશાભાઈ ચોકશી	...	...	૧
,, શોરાબજી નવરોજજી માદન	...	...	૧
,, જામાસ્પજી પાલનજી એનજીન્યર	...	...	૧
,, કાવસજી નવરોજજી હોલશાપવાલા	...	...	૧
,, શાવકશા દાદાભાઈ પેસતનજી માસ્તર		...	૧
,, પાલનજી વીકાજી ભીલાડવાલા	...	...	૧
,, અસફંદીયાર પાલનજી સરાફ	...	...	૧
,, અરદેશર જમશેદજી વાડીઆ	...	...	૧
,, કાવસજી ધનજીભાઇ સુપરીનટેન્ડંટ	...	...	૧
,, હોરમજજી આદરજી દારૂવાલા	...	...	૧
,, પીરોજશા મેહેરવાનજી કરંજીઆ	...	...	૧
રા. શા. બલવંતરાય હરીશંકર ન્યાયધીશ		...	૧
કુમાર શ્રી ભાવસીંગજી દેવીસીંગજી	...	...	૧
શેઠ માણેકજી કુવરજી રેવીટના	...	...	૧
,, ફરેદુનજી નસરવાનજી ઈસકી	...	...	૧
ડાકટર રૂશતમજી એદલજી હકીમ	...	...	૧
,, પ્રાણજીવનદાશ કલ્યાનદાશ	...	...	૧
,, શાપુરજી અરદેશર તારાપોરવાલા	...	...	૧
,, મનચેરજી હોરમશજી જાંગીરજી બનાજી		...	૧
,, જમશેદજી શોરાબજી જીજીભાઈ	...	...	૧
,, શાપુરજી શોરાબજી ડુબાશ	...	...	૧
,, ડોશાભાઇ હોરમસજી પટેલ	...	...	૧
,, માણેકલાલ નંદલાલ વકીલ	...	...	૧
ડાકટર. અરદેશર કાવસજી તરનર	...	...	૧

દરદીઓને અગત્યની સુચના.

દરાજનો મલમ કે જે ઘણી લાંબી મુદતની દરાજ **કાળી** તથા **લાલ ખુજલી, ખરૂપસું** તથા હેવાંજ ચાંમડીનાં અનેક દુખાનો આ મલમ એક રામબાણ ઈલાજ છે. એ લગાડવાથી બળતરા બીલકુલ થતી નથી. અને લાંબી મુદતની દરાજને ટુંક મુદતમાં સાફ કરી ચાંમડીને અસલ રૂપમાં લાવે છે. કીમત દબી એકના ફકત રૂ ૦-૪-૦.

હરસ તથા **મસા**ના અનેક પ્રકારના બહાર ગામના દરદીઓને માટે મલમ બનાવીઓ છે. ઘણી લાંબી મુદત સુધીનું લોહીનું વેહેવું, અકસ્માત, દુઃખાવો. સોજો તથા અગન બળતી હોય તેને તુરત નરમ પાડી થંડક બખશે છે. અને લાંબો વખત સુધી આરામ થાય છે. જેની કીમત દબી એકના ફકત રૂ ૩-૦-૦.

દાંતનું મંજન જે દાંતને ઉજળા દુધ સરખા બનાવે છે. તેમજ પારા તથા દાઢ મજબુત થાય છે. લોહી નીકળતું હોય તેને બંધ કરે છે, તથા દાંતના દુઃખાવો નરમ પાડે છે, તેમજ મોહાને સ્વાદ આપે છે, દાંત ઉપર પતરી બાજવાથી દાંતને સડો લાગે છે તેનો વીશેશ અટકાવ કરે છે. કીમત ફકત શીશી એકના રૂ. ૦-૪-૦.

નેટીવઅનવેન્ટ નામના મલમ જે શરીર ઉપરના કોઈ પણ ભાગ ઉપર થતાં અનેક દરદો જેવાં કે **ફોડા, નાશુર,** હરેક જખમો, **ગાંઠ, નસ્છર** તથા **ગરમીથી** થતાં અનેક જખમોનો એ એક અકસીર ઈલાજ છે. એ મલમમાં હેવો ગુણ છે કે ગાંઠને પાકવીને રૂજ પણ લાવે છે. કીમત દબી એકના રૂ ૦-૮-૦.